નવેમ્બર ૨૦૨૫

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



**જન્મ દિવસની ઉજવણી,**
**આત્માનંદની કેળવણી,**
**પૂજનીય વંદનીય 'જ્ઞાની' પાસે**
**છેલ્લી 'વસ્તુ' મળી !**

**મોરબીમાં દાદાભગવાનનો ૧૧૮મો જન્મજયંતી મહોત્સવ**

તા. ૧ થી ૫ નવેમ્બર ૨૦૨૫

# આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો આફ્રિકા - દુબઈ સત્સંગ કાર્યક્રમ


## મોમ્બાસા (કેન્યા) : આફ્રિકા શિબિર : ૮ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫


સ્વાગત


ગરબા


સત્સંગ




ભક્તિ


દર્શન


ઇન્ફોર્મલ સત્સંગ

## નૈરોબી (કેન્યા) : સત્સંગ - જ્ઞાનવિધિ : ૧૨ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫





## દુબઈ (UAE) : સત્સંગ - જ્ઞાનવિધિ : ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫







## ફુજેરા (UAE) : GCC શિબિર : ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫


સ્વાગત


સાંસ્કૃતિક કાર્યક્રમ


સત્સંગ


ઇન્ફોર્મલ સત્સંગ


ગરબા


દર્શન

વર્ષ : ૩૧, અંક : ૩
સળંગ અંક : ૩૬૩
**નવેમ્બર ૨૦૨૫**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત** : ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત** : ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## ડિસ્ચાર્જ 'ગર્વરસ' જેનો ગયો, તે છૂટ્યો

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ મહાત્માઓને આત્મજ્ઞાન આપીને જ્ઞાનદશામાં બીજનો ચંદ્રમા તો કૃપાથી કરી આપ્યો છે અને બીજથી પૂનમ સુધી પહોંચવાનો પુરુષાર્થ પણ ખુલ્લો કરી આપ્યો છે, કિંતુ માર્ગની પૂર્ણાહુતિ કરવા માટે આટલી બધી કચાશો કેમ રહે છે ? પાંચ આજ્ઞા પાળવાનો નિશ્ચય છે, છતાંય જાગૃતિ કેમ રહેતી નથી ? બાવાની ડિગ્રીઓ કેમ વધતી નથી ? એની પાછળ એક મોટું બાધક કારણ છે, 'કર્તાપણાનો ગર્વરસ.'

ગર્વ એટલે 'જ્યાં પોતે નથી કરતો' ત્યાં આગળ 'પોતે કરે છે' એવું માનવું. પછી બીજાને કહી દેખાડે કે 'આ મેં કર્યું.' તે વખતે મહીં રસ ઉત્પન્ન થાય છે, તે ગર્વરસ ! આત્મજ્ઞાન પ્રાપ્ત થતા સાથે મૂળ અહંકાર તો નિર્મૂળ થઈ ગયો, પરંતુ ડિસ્ચાર્જ અહંકાર રહ્યો. જેના કારણે અજાગૃતિ રહેતા ગર્વરસ પરિણામ ઊભા થાય છે. અહંકાર-માન-અભિમાન કરતાંય વધારે જોખમી હોય તો ગર્વરસ છે. એ મીઠાશ જાગૃતિને આવરે છે, વ્યવસ્થિતની આજ્ઞા ચૂકાવડાવે છે અને પોતાને અંધારામાં નાખી દે છે.

'મેં કેવા સરસ વિચાર કર્યા, મેં કેવું સરસ કાર્ય કર્યું, હું કેવી સરસ વાણી બોલ્યો.' ખરી રીતે બધું ડિસ્ચાર્જ જ થઈ રહ્યું છે પણ આ બધામાં સારું કર્યાનો અહંકાર કર્યો તે મીઠાશ આપે. આના ઉપાયમાં પ્રથમ તો 'આ ખોટું છે' એવું જાણી, 'હું કોણ છું' એની જાગૃતિમાં રહી ને ખરેખર 'કરે છે કોણ' એ જાણતા જઈશું તેમજ વ્યવસ્થિતની આજ્ઞા વિગતવાર સમજતા જઈશું, તેમ તેમ ગર્વરસ સામે જાગૃતિ વધશે અને ગર્વરસ ઓગળશે. સાથે સાથે પહેલાંના અભ્યાસથી વૃત્તિઓ ત્યાં જાય તો તરત ઉખેડી નાખીને પ્રતિક્રમણ રૂપી હથિયાર વાપરવું પણ અત્યંત આવશ્યક છે.

દાદાશ્રીને તો અહંકાર જ સંપૂર્ણ ખલાસ થઈ ગયેલો. આથી મન-વચન-કાયાની કોઈ પણ ક્રિયામાં લગીરેય માલિકીભાવ નહોતો, તો પછી ગર્વરસ તો ક્યાંથી હોય ? તેઓ કહે છે, આત્માની બાબત સિવાય મને તો કંઈ જ આવડતું નથી. વાણી સારી નીકળે તો કહેતા કે આ તો ટેપરેકર્ડ છે. કોઈને હાથ અડાડે તોય કલ્યાણ થઈ જતું, ત્યાં કહે છે કે આ તો અમારું યશનામ કર્મ છે. આમ અહંકારરહિત દશાની જીવંત છબી દાદાશ્રીમાં ઉઘાડેછોગ દેખાતી હતી.

અનંત અવતારથી ગર્વરસ ચાખવાનું કારણ હતું કે કદી આત્મરસ ચાખ્યો નહોતો. હવે આત્મરસની મીઠાશ ચાખ્યા પછી જ્યાં આત્મસુખની સર્વોચ્ચ ટોચ પર પહોંચી કાયમના સુખિયા થઈ જવાય એવી દશા પ્રાપ્ત થાય એમ છે, ત્યાં આવા ક્ષુલ્લક ગર્વ રસની મીઠાશના કાદવ ન ચૂંથતા આ દોષ સામે જ્ઞાનના પુરુષાર્થ થકી જાગૃત રહીને પૂર્ણાહુતિ તરફ આગળ ધપીએ અને પોતાનું કામ કાઢી લઈએ એ જ હૃદયપૂર્વક અભ્યર્થના !

**જય સચ્ચિદાનંદ.**

# ડિસ્ચાર્જ 'ગર્વરસ' જેનો ગયો, તે છૂટ્યો

## સંપૂર્ણ દર્શન, વર્ષમાં ત્રણ દિવસ

**પ્રશ્નકર્તા :** આપ સત્સંગ કરો છો અને ગુરુપૂર્ણિમાને દિવસે દર્શન આપો છો, તો એ બન્નેમાં ફેર ખરો કે ?

**દાદાશ્રી :** બહુ ફેર. આ તો બહાર નીકળેલો કહેવાય. પેલું દર્શન બહુ... ઓહોહો ! એ તો પૂર્ણ દર્શન કહેવાય. એક ફેરો દર્શન કરી ગયો તો બહુ થઈ ગયું. ત્યારે વીતરાગ દર્શન હોય સંપૂર્ણ !

અમે પેલા પૂર્ણ સ્વરૂપે એકાકાર હોઈએ ! હું (જ્ઞાની પુરુષ) પેલા સ્વરૂપની અંદર (દાદા ભગવાન જોડે) એકાકાર હોઉ, એટલે ફળ તેનું મળે ! તેથી દર્શન કરવાનું માહાત્મ્ય ને ! તે દહાડે અમે 'આવો ચંદુભાઈ કે આવો ફલાણાભાઈ', એમાં અમે ના પડીએ. પૂર્ણ ભાવમાં રહીએ અને આમ તો અહીંયા આગળ તો આડાઅવળા દહાડે અમે બોલાવીએ, ઓળખીએ હઉ, ત્યાં તો ઓળખીએય નહીં ને બોલાવીએય નહીં. એ વખતે અદ્વૈત ભાવમાં હોઈએ અને અત્યારે દ્વૈતમાં રહેવું પડે.

**પ્રશ્નકર્તા :** ગુરુપૂનમને દિવસે, જન્મજયંતીને દિવસે અને દિવાળીને દિવસે તમને ત્રણસો ને સાંઈઠ ડિગ્રી પૂરી રહે છે એ વાત ખરી ?

**દાદાશ્રી :** હા, રહે. તે દિવસે તો 'આવો ચંદુભાઈ' એવું તેવું અમારે ના હોય ને ! કશો ડખો ના હોય. સંસારમાં પડીએ નહીં ને તે દહાડે તો. તે દહાડે પૂર્ણ દર્શન હોય. બેસતું વર્ષ, જન્મજયંતી અને ગુરુપૂર્ણિમાના દહાડે છેલ્લા દર્શન થાય, પૂર્ણિમાના દર્શન થાય. ફુલ દર્શન થાય બધાને અને બહુ લાભ થાય.

## ક્લિયર વિઝને પૂર્ણ દર્શન થાય

**પ્રશ્નકર્તા :** ગુરુપૂર્ણિમા હોય કે જન્મજયંતી હોય, એ દિવસે દાદાના દર્શન કરીએ તો આપણા અંતરાયો છૂટી જાય છે ?

**દાદાશ્રી :** આપણું વિઝન કંઈ ખુલ્લું-ચોખ્ખું હોય, તો પૂર્ણ દર્શન થાય. પૂર્ણ ત્રણસો સાંઈઠના દર્શન થાય, આપણું વિઝન ખુલ્લું હોય તો. ઝાંખું હોય ત્યારે તેવું દર્શન થાય ?

**પ્રશ્નકર્તા :** અમારું વિઝન ક્લિયર હોય તો ત્રણસો સાંઈઠના દર્શન થાય તે કેવું ? અમારું વિઝન ક્લિયર એટલે ?

**દાદાશ્રી :** આપણું શુક્લ અંતઃકરણ હોય, બીજો કોઈ બહારનો વિચાર ના આવ્યો હોય અને બધું એક કલાકેય સારું ગુંઠાણું ગયું હોય, તો વિઝન ક્લિયર થાય. તે કોઈ પણ વસ્તુને અરીસાથી જોવી હોય તો એને સાફ કરીએ પછી ક્લિયર થઈ જાય ને, એના જેવું. તે દહાડે સંપૂર્ણ દર્શન થાય ત્રણસો સાંઈઠના અને આડે દહાડે તમે આવો, તમે આમ જાવ, તેમ જાવ એવી ખટપટમાં હોઈએ, ત્યારે સંપૂર્ણ દર્શન ના થાય. અગર જ્ઞાન આપીએ તે ઘડીએ સંપૂર્ણ દર્શનમાં હોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, હું પેલી છેલ્લી ગાથા જ્યારે બોલું છું 'દેહ છતાં જેની દશા...' ત્યારે આપના સંપૂર્ણ દર્શન થાય છે.

**દાદાશ્રી :** હા, એ બધું દેખાય, એ સ્વભાવિક છે. એ આપણું વિઝન ખુલ્લું હોય તો દેખાય ! વિઝન ઉપર આધાર રાખે છે, આપણા અરીસા ઉપર, પારકો અરીસો એ કાંઈ કામ લાગે નહીં. બધું જ છે, એને દેખાવું જોઈએ.

## ચૌદ લોકના નાથના દર્શન

**પ્રશ્નકર્તા :** દાદા, આપની હાજરીમાં અમને વિશેષ શાંતિ વર્તાય છે.

**દાદાશ્રી :** એ તો આ હાજરીની તો વાત જ જુદી ને ! આ તો મારી હાજરી તમને દેખાય છે, પણ મને જેની હાજરી દેખાય છે તે હાજરી તમને હઉ વર્તે છે. ચૌદ લોકનો નાથ, આખા બ્રહ્માંડનો નાથ પ્રગટ થયો છે અંદર, એ મનેય લાભ મળે છે અને તમનેય લાભ મળે છે. આટલી નજીકતા (નિકટતા) જોઈએ, બસ. જેટલો નજીક એટલો લાભ અને આજુબાજુ વાતાવરણ તો સારું રહે જ. એમાં પાછો વાતાવરણનો ફેર ! પણ નજીકનો લાભ મળવાનો અને તે સમજીને પાછો, સમજ્યા વગરનો લાભ નહીં.

તેથી અમે કહીએ છીએ ને, કે આ ભૂલ જે અમને દેખાડે છે એ ચૌદ લોકનો નાથ છે. એ ચૌદ લોકના નાથના દર્શન કરો. ભૂલ દેખાડનાર કોણ છે ? ચૌદ લોકનો નાથ !

અને એ દાદા ભગવાન તો મેં જોયેલા છે, સંપૂર્ણ દશામાં છે અંદર, એની ગેરેન્ટી આપું છું. હું જ એમને ભજું છું ને ! અને તમનેય કહું છું કે 'ભઈ, તમે દર્શન કરી જાવ.' દાદા ભગવાન ૩૬૦ ડિગ્રી ને મારે ૩૫૬ ડિગ્રી છે. એટલે અમે બે જુદા છીએ, એ પુરવાર થઈ ગયું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** અમે બે જુદા છીએ. મહીં પ્રગટ થયેલા છે એ દાદા ભગવાન છે. એ સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, ઝળહળ જ્યોતિ સ્વરૂપ !

## મોક્ષમાર્ગને બાધક આવે ત્યાં છોડી દેવું

અમે શું કહેવા માગીએ છીએ ? ચૌદ લોકનો નાથ આવી રીતે સામો મળે એવો નહોતો. તે આ દાદાના શ્રુ આપણને ભેગો થયો છે. શું થયું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા શ્રુ ભેગા થયા.

**દાદાશ્રી :** હા. એટલે દાદા કહે છે કે ભાઈ, કામ કાઢી લો. શા માટે, કે આવો આ નાથ ભેગો નહીં થાય. જ્યાં નાથ પ્રગટ થાય ત્યારે એ વીતરાગ થયેલા હોય અને અહીં નાથ પ્રગટ થયા ને આ ખટપટિયા વીતરાગ રહ્યા એટલે પકડાઈ ગયા છે. એટલે હું કહું છું કે કામ કાઢી લો. બધું પૂર્ણાહુતિ કરી આપશે. અનંત અવતારની ખોટોય બધી ભાંગી નાખશે ઝપાટાબંધ.

આપણે તો આપણું કામ કાઢી લેવાનું છે. આની પૂર્ણાહુતિ માટે જ શરીર ઘસી નાખવાનું છે. જો આ કર્મો ખપાવેલા હોત ને આ જ્ઞાન મળે તો એક કલાકમાં જ એનું કામ પૂર્ણ થઈ જાય. પણ આ તો કર્મ ખપાવેલા નથી, રસ્તે જતાને જ્ઞાન આપ્યું છે. એટલે મહીં કર્મના ઉદય ફરે ત્યારે બુદ્ધિનું અજવાળું ફેરવી દે, તે ઘડીએ ગૂંચાય. હવે ગૂંચાય ત્યારે 'દાદા' 'દાદા' કર્યા કરવું ને કહીએ, 'આ લશ્કર ગૂંચવવા આવ્યું છે.' કારણ કે હજુ એવા ગૂંચવનારા મહીં બેઠા છે, માટે ચેતતા રહેજો. ને તે વખતે 'જ્ઞાની પુરુષ'નો આશરો જબરજસ્ત રાખજો.

હવે તો એક પળ ગુમાવવા જેવી નથી. આવો અવસર ફરી ફરી નહીં આવે. એટલે અહીં જો જાગૃતિ રાખી તો બધા કર્મો ભસ્મીભૂત પામશે ને એક અવતારી થઈને મોક્ષે ચાલ્યો જઈશ. મોક્ષ તો સરળ છે, સહજ છે, સુગમ છે. સમભાવી માર્ગ છે, કશી મહેનત વગર ચાલે એવું છે. માટે કામ કાઢી લો. અનંત અવતારેય ફરી આ જોગ ખાય એવો નથી. માટે મોક્ષમાર્ગને બાધક આવ્યું એટલે છોડી દેવાનું અને ચાલો પાછા એ ધ્યેય

પર, કહેવાય ને ! ગમે તેવા કઠણ પ્રસંગોમાં પણ પોતાનો ધ્યેય ચૂકે નહીં એવું હોવું જોઈએ.

### મીઠાશ લાગે ત્યાં પડે માર

**પ્રશ્નકર્તા :** એક ધ્યેય પકડાય કે મોક્ષે જવું છે અને એ સિવાય કંઈ ખપતું નથી અને મોક્ષમાર્ગના બાધક કારણો કયા, આટલું જો સ્પષ્ટ થઈ જાય તો બધી ભાંજગડો ઊડી જાય ને બહુ સહેલું થઈ જાય.

**દાદાશ્રી :** બળ્યું, એવું જ નક્કી થાય કે 'મોક્ષને માટે જ જોઈએ છે, બીજું નથી જોઈતું.' તો બહુ થઈ ગયું. એવું થઈ જાય તો કામ જ નીકળી જાય ને ! આ હજી તો પોતાને એમેય મનમાં થઈ જાય કે 'ફલાણા ભાઈ મારે માટે સારું બોલે તો સારું.' તમને કોઈ જે' જે' કરે અને બે શબ્દ સારા બોલે તો તરત તમારી દૃષ્ટિ એના પર મીઠાશવાળી મૂકાશે.

**પ્રશ્નકર્તા :** લોક વાહ-વાહ કરે, પણ પોતે સ્વીકાર ના કરતો હોય તો ?

**દાદાશ્રી :** સ્વીકાર ના કરે કે કરે, લોક વાહ-વાહ કરે તો થઈ ગયું. કોણ સ્વીકાર ના કરે એવું છે ? રામચંદ્રજી કરતા'તા, કૃષ્ણ ભગવાન સ્વીકાર કરતા'તા, બધાય સ્વીકાર કરતા'તા.

**પ્રશ્નકર્તા :** આ બધાએ સ્વીકાર કર્યું તો 'દાદાએ મારું આ કર્યું' એવું કોઈ બોલે તો તમે સ્વીકાર કરો છો ?

**દાદાશ્રી :** ત્યારે મને કડવું લાગતું હશે ? આ બધા બોલે કે દાદાએ સારું કર્યું, તે મીઠું જ લાગે ને ! મીઠું છે છતાં એના પર અમને રાગ નથી અને કોઈ કડવું બોલે તો એની ઉપર દ્વેષ નથી.

આ મીઠાશથી જ બધા રોગ અટક્યા છે. તે કડવાશથી રોગ જશે, મીઠાશથી રોગ વધશે. (તેથી) જાગૃતિ ઓછી થાય જ ને ! (જે) આપણને ખાડામાં લઈ જશે ! મોટામાં મોટું જોખમ જ આ છે, બીજું કોઈ જોખમ જ નથી.

અને પેલા મોક્ષમાર્ગી તો સાચું જાણવાના કામી જેવા હોય, મોક્ષના કામી હોય, બીજો ડખો જ નહીં. મોક્ષનું પરિણામ જાગૃતિ નથી, જાગૃતિનું પરિણામ મોક્ષ છે ! સંપૂર્ણ જાગૃતિ ક્યારે થાય ? અહંકારનો વિલય થાય ત્યારે. અહંકાર ને આંધળો બે સરખા કહેવાય. જેનો જેમાં અહંકાર વધારે તેમાં તેને અંધાપો વધારે રહ્યા કરે. જેટલી જાગૃતિ વધે એટલો અહંકાર ઊડી જાય. અજાગૃતિને લીધે અહંકાર છે ને અહંકાર છે તેને લીધે અજાગૃતિ છે.

અહંકાર જેમ જેમ વધતો જાય, તેમ તેમ આડાઈ, માન, ગર્વ, ઘમંડ શબ્દો વપરાય. આ ગર્વરસ કરાવે છે ને, તે અહંકાર જ આ બધું કરાવડાવે આપણી પાસે, કે 'આ તો બહુ સારું છે, બહુ સારું છે, લોકોને ગમ્યું.' સારું કર્યાનો અહંકાર કર્યો તે મીઠાશ આપે. ખોટું કર્યાનો અહંકાર કર્યો તે કડવાશ આપે. કડવાશ ને મીઠાશ બેઉ અહંકારના ફળ છે. આ ગર્વરસ ઉત્પન્ન થાય, તે ઘડીએ મીઠાશ લાગે. જ્યાં મીઠું લાગે ને, ત્યાં જાણવું કે આ માર પડવાનો થયો.

**પ્રશ્નકર્તા :** એ મીઠાશ શેના આધારે વર્તે છે, દાદા ?

**દાદાશ્રી :** એ પહેલાની જે કુટેવ પડેલી છે, તે આટલું પીતા'તા તેના બદલે આટલું પણ થોડુંક લઈએ, કહેશે.

**પ્રશ્નકર્તા :** તો એ ભૂંસાડવા માટે શું કરવું ?

**દાદાશ્રી :** આપણા જ્ઞાનમાં એક્ઝેક્ટ થઈ જઉ ને, એટલે ધીમે ધીમે ઓછું જ થઈ જાય અને ફરી એનો બચાવ નહીં કરવો જોઈએ કોઈ દહાડો.

## 'મેં કર્યું' એનું નામ 'ગર્વ'

એટલે કૃપાળુદેવે તો બધા બહુ ગુણો લખ્યા છે. હવે ગર્વ નથી એ માણસને ઓળખાય કે ના ઓળખાય ? ગર્વ કોને કહેવો તે જાણો છો તમે ? તમે તો પ્રોફેસર છો, કોને ગર્વ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** ફેણ માંડે એ ?

**દાદાશ્રી :** ના. ફેણ માંડે એ તો કાળિયો નાગ કહેવાય, ક્રોધી કહેવાય. ગર્વ જુદી વસ્તુ છે. જગતે જાણી નથી એવી ચીજ છે. ગર્વનો અર્થ સમજાય તોયે બહુ થઈ ગયું. શું લાગે છે આપને ?

**પ્રશ્નકર્તા :** પોતાનામાં ઐશ્વર્યનો ભાવ ?

**દાદાશ્રી :** ના, એવું નહીં. ઐશ્વર્યનો ભાવ એ તો અભિમાન કહેવાય.

ગર્વ એટલે શું ? પોતે કરતો નથી ત્યાં 'મેં કર્યું' એમ કહે, એનું નામ ગર્વ. પોતે કરતો નથી, 'ઈટ હેપન્સ' છે. તેને બદલે શું કહે છે લોકો ?

**પ્રશ્નકર્તા :** મેં કર્યું.

**દાદાશ્રી :** એનું નામ ગર્વ. 'મેં કર્યું' કહ્યું એટલે આધાર અપાય ને આધાર આપો તો એ કર્મ (બીજ પડે). 'મને વિચાર આવ્યો, હું વિચાર કરું છું' એવું બોલો કે ટેકો આપ્યો ! 'અમે' કોઈ ચીજના કર્તા ના હોઈએ.

આ પ્રકૃતિ દેખાય છે જીવંત, પણ ખરી રીતે એ જીવંત નથી. સામાસામી જે કંઈ પણ કરે છે, તોફાન માંડે છે, તેમાંય ચેતન નથી. ખાલી 'રોંગ બિલીફ' જ છે કે 'મેં કર્યું !' આત્માની હાજરીમાં આ બધું થઈ રહ્યું છે, ખાલી હાજરી જ છે. આમાં જવાબદાર કોણ ? આમાં ભૂલ શી ? ત્યારે કહે, કરે છે બીજો ને કહે છે કે 'હું કરું છું' એ ભૂલ છે. એને ભાંગી નાખો તો ઉકેલ આવે.

## જ્ઞાન પછી અહંકારના પરિણામ

આ 'જ્ઞાન' પછી તમારે અત્યારે અહંકાર છે જ નહીં. કારણ કે અહંકાર કોને કહેવાય ? 'હું ચંદુભાઈ છું' એવું નક્કી કરવું, એનું નામ અહંકાર ! અને તમને 'હું ચંદુભાઈ છું' એ જ્ઞાન ઉપર શંકા પડી. 'હું ચંદુભાઈ નથી' અને 'હું તો શુદ્ધાત્મા છું', એટલે હવે તમને અહંકાર છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** અહંકાર એટલે 'હું ચંદુભાઈ છું' એ ભાગને જ કહો છો ?

**દાદાશ્રી :** હા, એને જ અહંકાર કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ અહંકાર ભાગ તો નીકળી ગયો છે, પણ હવે અમારું અભિમાન રહી ગયું છે ?

**દાદાશ્રી :** હા, અભિમાનનો વાંધો નહીં. એ અભિમાન નિકાલી બાબત છે. તમને અહંકાર રહેલો જ નથી ને ! અભિમાનનો વાંધો નહીં. માન ને અભિમાન એ નિકાલી બાબત છે. પછી એથી આગળ ગર્વ ને બીજો બધો સામાન રહેલો છે ને ! મૂળ અહંકાર ગયો પણ અહંકારના જે પરિણામ હતા, તે તો હજી રહ્યા જ ને ! મૂળ રૂટ કૉઝ ગયું, પણ ઉપરના હજુ ડાળા ને એ બધું રહ્યું, તે સૂકાઈ જશે.

અહમ્‌કાર-મેં કર્યું. જ્યાં પોતે નથી કર્યું, ત્યાં 'મેં કર્યું' એમ કહે છે, તે અહંકાર છે. અહંકાર કરી છાતી ફુલાવીને ફરવું તે માન ને પછી 'પોતે કર્યું' એમ બધાંને કહેતાં ફરવું, તે (ગર્વરસ) કહેવાય.

## અક્રમમાં ડિસ્ચાર્જને ટેકો ના આપીએ

આખા જગતને 'હું કરું છું' એ ભ્રાંતિજન્ય ભાન છે. ખરી રીતે તો બધાનું 'ડિસ્ચાર્જ' જ થઈ રહ્યું છે, પણ તેનું તેને ભાન નથી. પોતાને 'પોતાનું' જ ભાન નથી.

આ તો પોતાને એમ લાગે છે કે 'હું કરું છું.' પણ એ 'ડિસ્ચાર્જ'ના ધક્કાથી થાય છે, બહુ દબાણ આવે એટલે પછી 'ચાર્જ' થઈ જાય છે. એટલે મુખ્ય અજ્ઞાનતા નડે છે. જો અજ્ઞાનતા જાય તો મુક્તિ હાથવેંતમાં છે. અજ્ઞાનમાં રહેવાથી સંસાર 'ચાર્જ' થાય, 'જ્ઞાન'માં રહેવાથી સંસાર 'ડિસ્ચાર્જ' થાય !

**પ્રશ્નકર્તા :** એમ કહેવાય છે કે જ્ઞાનનો પણ ગર્વ આવી જાય.

**દાદાશ્રી :** જ્ઞાનનો ગર્વ તો વળી આપણે ચલાવી લઈએ કે સારી વાતનો ગર્વ છે, પણ આ તો અજ્ઞાનનોય ગર્વ છે.

**પ્રશ્નકર્તા :** ને ગર્વ સારા અર્થમાં પણ વપરાય છે ને, કે આ ગર્વ લેવા જેવી વાત છે.

**દાદાશ્રી :** એ પછી સારા અર્થમાં વપરાય છે. પણ મૂળ ગર્વ જગતમાં આ અહીં છે. આ જગત(માં) 'પોતે' કર્તા નથી. જ્યાં પોતે કર્તા માને છે એ 'ચાર્જિંગ' છે. 'આ સામાયિક મેં કર્યું, આ ક્રિયાઓ મેં કરી,' એનો ગર્વરસ 'પોતે' ચાખે, તેનાથી 'ચાર્જ' થાય છે. ગર્વરસ બહુ મીઠો લાગે.

જ્યાં કંઈ પણ કર્તાભાવ છે ત્યાં સમકિત પ્રાપ્ત ના થાય. 'કર્તાપદ'નું ભાન છે ત્યાં સુધી 'ચાર્જ' થયા જ કરે. 'જ્ઞાની' વગર કર્તાપદ છૂટે નહીં. અક્રમ માર્ગમાં તમારું કર્તાપદ 'અમે' ઉડાડી મૂકીએ છીએ. 'હું કરું છું' એ ભાન ઊડી જાય છે ને 'કોણ કરે છે' એની સમજણ પાડી દઈએ છીએ. એટલે 'ચાર્જ' થતું બંધ થઈ જાય છે ! ત્યારથી નવો સંસાર બંધાતો અટક્યો ! પછી રહ્યું શું ? ખાલી 'ડિસ્ચાર્જ' સ્વરૂપ !

'ડિસ્ચાર્જ' થાય છે તેની કિંમત નથી, પણ કયું ધ્યાન વર્તે છે તેની કિંમત છે. 'ચાર્જ' હંમેશાં 'ડિસ્ચાર્જ'ને ભજ્યા કરે. અમે 'ડિસ્ચાર્જ' થતી વસ્તુઓને ટેકો ના આપીએ. તમે ડિસ્ચાર્જ થતી વસ્તુઓને ટેકો આપો છો. તે ટેકો આપવાથી ફરી 'ચાર્જ' થાય છે. એ 'ચાર્જ' થાય છે એ જ સંસારની અધિકરણ ક્રિયા છે ! બહુ ગૂઢ 'સાયન્સ' છે આ ! આ 'સાયન્સ' બધું આપણે સમજવું તો પડશે ને ?

## ગર્વરસ ચાખે, ત્યાં ચાર્જ થાય

આપણે જપ કરીએ તો આ પગને બધું આમ તેમ ઠીક રાખવા પડે ને ? અને માથું દુઃખતું ના હોય તો થાય ને ? નહીં તો માથું દુઃખતું હોય, તાવ ચઢ્યો હોય, તો ના થાય ને ? પછી આપણે કરવું હોય તોય ? માટે એ પ્રારબ્ધ છે. જેમાં પરાવલંબી છે એ બધું પ્રારબ્ધ છે. એક સારું છે ને થાય છે અને એક સારું નથી માટે નથી થતું, એ પરાવલંબી કહેવાય ને ? અને એ બધું રિલેટિવ કહેવાય ને ? સુખ નિરાલંબ ના હોવું જોઈએ ?

એક મહારાજ બીજા એમના જોડીદાર મહારાજને શું કહેતા હતા ? 'મેં ચાર સામાયિક કરી, તમે બે જ કરી છે હજુ !' બીજે દહાડે આપણે મહારાજને પૂછીએ ને કે 'મહારાજ, આજ કેટલી સામાયિક કરી ?' ત્યારે કહે, 'આજ તો થઈ નથી.' એમને પૂછ્યું, 'કેમ તમે તે દહાડે ચાર કરી'તી ને ?' ત્યારે કહે, 'આ પગ દુઃખે છે.' 'ત્યારે સામાયિક પગે કરી'તી ને ?' આપણે પૂછીએ ને, 'તમે કરી'તી કે પગે કરી'તી ?' ત્યારે કહે, 'તે દહાડે તો મેં કરી'તી.' ઓહોહો ! અને આ તમે કરી'તી ? આ બધું પાંસરું હોય તો કરે ને ? માટે પરાવલંબી છે. આ તો ઈગોઈઝમ એનો ગર્વરસ ચાખ્યા કરે, 'મેં કરી ! મેં કરી !' અને ગર્વરસ તો બહુ મીઠો હોય.

અહંકાર એટલે પોતે કરતો ના હોય છતાંય કહેશે કે 'હું કરું છું' એ આરોપિત ભાવ છે. એને અહંકાર કહેવામાં આવે છે. અહંકાર મૂળ વસ્તુ છે

ને એમાંથી માન, અભિમાન, ગર્વ, ઘેમરાજી બધા જાતજાતના શબ્દો થયા છે.

સામાયિકના કર્તા તમે નથી, પ્રતિક્રમણના કર્તા તમે નથી. આ તો ઉદયકર્મ કરાવે છે અને આ લોકો બધા અણસમજણથી કહે છે, 'મેં કર્યું, હું કરું છું.' એ બધું અજ્ઞાન પેસી ગયું છે. હવે તેથી આ લોકોએ કહ્યું છે કે 'યહી ગલે મેં ફાંસી !' 'આ સામાયિક કરી, પ્રતિક્રમણ કર્યું, આ મેં ત્યાગ્યું' એ બોલ્યા એ તમારા ગળામાં ફાંસી છે, તેં ગર્વરસ ચાખ્યો તેની. પાંચ સામાયિક કરે તો કહે, 'મેં પાંચ સામાયિક કરી' એમ કરીને ગર્વરસ લે. ખરી રીતે શું કહેવું જોઈએ, કે ભગવત કૃપાથી પાંચ સામાયિક થઈ. એનો ગર્વરસ ના લેવાય.

## સંસારનું બીજ - ગર્વરસ

સાધુ-આચાર્યો કે બીજા કંઈ પણ જાતનું કાર્ય કરતા હશે તો એમને એમ ખબર હશે કે આ હું નથી કરતો અને આ બીજો કોઈ કરે છે ? એવું ખબર હોય તો અહંકાર કરે જ નહીં. (બધું) જ પરસત્તા કરે છે અને પોતે માને છે કે 'હું કરું છું.' ધંધા કરે છે, ત્યારે મનમાં શુંય માની બેસે છે કે હું કમાઈ ગયો. હવે આ પરસત્તા જ કરે છે. આટલીય સત્તા પોતાની નથી ત્યાં આગળ પણ કહે છે, 'હું જ કરું છું આ બધું, ધર્મમાંય હું કરું છું.' સંસારમાં તો કરતો હોય તો તે જાણે જોખમી છે જ, પણ આ તો ધર્મમાં વધારે જોખમ હોય. જુઓ ને, કેટલી અજાયબી છે એની પાછળ ! આવું બધું અનંત અવતારોથી ભટક ભટક કરે છે.

એક અક્ષરે કોઈ કશું કરી શકે એમ છે ? હોય તો મને કહો ! છતાં પાછા આમ ફૂલ જોશમાં કહે છે, 'મેં જ કર્યું.' અને લોકો સાક્ષીએ હા પાડે, આંખે દેખ્યા સાક્ષી પાછા. કેમ બોલતા નથી ? સાક્ષી ન્હોય ?

**પ્રશ્નકર્તા :** હા, સાક્ષી આપે.

**દાદાશ્રી :** આપણે કહીએ કે 'ના, તું કશું નથી કરતો.' ત્યારે કહે, 'શું તમે તો આ જુઓ છો ને ?' તે પણ એ કરે છે ને આ બોલો, હવે આ શી રીતે સમજાય ? પેલો કયે ગામ ગયેલો છે ? પેલો કયા ગામની વાત કરે છે ? આખો મેળ જ ના બેસે. આની જોડે શું કરવા મેળવે છે ? કરે છે બીજો અને કહે છે, 'હું કરું છું' એ ભયંકર ગુનેગાર છે ! જબરજસ્ત ફાંસી કહેવાય છે. એને પછી કહે, 'ક્રિયા કરત હૈ, ધરત હૈ મમતા, યે હી ગલે મેં ફાંસી !'

જગતમાં કોઈ કર્તા નથી. 'હું કરું છું' એ 'ઈગોઈઝમ' છે. 'ઈગોઈઝમ'ની છત્રછાયા નીચે ભ્રાંતિ ઊભી રહી છે. કર્તાપદ એ જ ભ્રાંતિપદ છે. એ અશુભ કરો કે શુભ કરો, બેઉ ભ્રાંતિ છે. એક સોનાની બેડી ને એક લોખંડની બેડી !

ગર્વ એટલે 'જ્યાં પોતે નથી કરતો' ત્યાં આગળ 'કરે છે' એવું માનવું. તે વખતે રસ ઉત્પન્ન થાય છે મહીં, ગર્વરસ ઉત્પન્ન થાય છે. તે બહુ મીઠું લાગે છે, એટલે એને મજા આવે છે કે 'મેં કર્યું !' ગર્વથી સંસાર ઊભો રહ્યો છે. સંસારનું બીજ જ ગર્વ છે.

## સુખ રિપે કરવાના દુઃખ ભોગવીને

અનાદિનો અભ્યાસ છે ને, તે છૂટો થવા દેતો નથી. તેથી એને મીઠાશ વર્તે છે. એ મીઠાશ શુદ્ધાત્માને નથી વર્તતી, એ અહંકારને વર્તે છે. એટલે એ તોડ તોડ કરવું પડે. બેને છૂટું જોવું. છૂટું જ જોવું પડે, તો જ ઉકેલ આવે.

કડવું કહેનારો જ આ દુનિયામાં કોઈ મળે નહીં. કડવું વેણ સાંભળવાનો વખત ના આવે તેવું આપણું જીવન હોવું જોઈએ. છતાંય કડવું વેણ

સાંભળવાનું આવે તો સાંભળવું. તે તો હંમેશાં હિતકર જ હોય.

છોકરો 'પપ્પાજી, પપ્પાજી' કરે તો તે કડવું લાગવું જોઈએ. જો મીઠું લાગ્યું તો એને ઉછીનું સુખ લીધું કહેવાય. એ પછી દુ:ખરૂપે પાછું આપવું પડશે. છોકરો મોટો થશે, ત્યારે તમને કહેશે, 'તમે અક્કલ વગરના છો.' ત્યારે થાય કે આમ કેમ ? તે પેલું તમે ઉછીનું લીધું હતું, તે પાછું લે છે. માટે પહેલેથી ચેતો. અમે તો ઉછીનું સુખ લેવાનો વ્યવહાર જ મૂકી દીધેલો.

હવે આ જે સુખો લો છો ને, એ બધા તો લોન ઉપર લો છો. તે પાછા રિપે (ચૂકતે) કરવા પડશે. માટે ચેતીને ચાલજો. લોન ઉપર લીધેલા સુખ બધા રિપે કરવા પડશે. આ વાઈફની પાસેથી, છોકરા પાસેથી સુખ લઈ લઉં છું ને, લોન ઉપર લઉં છું, એ રિપે કરવા પડશે. જેટલું રિપે કરવાની આપણી શક્તિ હોય એટલું લોન ઉપર લેજો, નહીં તો પછી સહન નહીં થાય.

**પ્રશ્નકર્તા :** સંસાર ભોગવવામાં સુખ ચાખ્યું, તો એ પછી એનું દુ:ખ કઈ જાતનું આવવાનું છે ?

**દાદાશ્રી :** એ લોન તો એવી ભારે પડશે, તે મરવાના વિચાર આવશે કે આ ક્યાં જઈને મરવું ! હજુ તો આની લોન રિપે કરવાનું આવશે ને, ત્યારે ખબર પડશે. હજુ તો કાગળ નથી આવ્યો રિપે કરવાનો, માટે સમજીને લોન લે આ ! લોન લઉં ને, તો રિપે કરવી પડશે એવું સમજીને લે. આ જેટલા સંસારી સુખો છે ને, એ બધા રિપે કરવા પડશે.

અહો ! પોતાના આત્મામાં અનંત સુખ છે ! એ મૂકીને આ ભયંકર ગંદવાડામાં પડવાનું ?

## વિરોધાભાસી સગવડિયો સિદ્ધાંત

આ લોક તો કમાય ત્યારે કહેશે, 'હું કમાયો.' 'હું કમાયો' કહે ત્યારે ગર્વરસ ચાખી જાય આખો ! અને ખોટ ગઈ ત્યારે કો'કને માથે આરોપ ઘાલે. ખોટ જાય ત્યારે કહેશે, 'ભગવાને મને ખોટ ખવડાવી.' એવું નામ દે.

**પ્રશ્નકર્તા :** સગવડિયો સિદ્ધાંત થઈ ગયો.

**દાદાશ્રી :** હા, સગવડિયું, પણ તે આવો આરોપ એની પર ના આપવો જોઈએ. વકીલ ઉપર આરોપ આપીએ, બીજા કોઈને આરોપ આપીએ તો ઠીક છે પણ ભગવાન ઉપર આરોપ અપાય ? વકીલ તો દાવો માંડીને હિસાબ લે પણ આનો કોણ દાવો માંડે ? આનું ફળ તો આવતા ભવમાં ભયંકર બેડી મળે. ભગવાનનું નામ દઈને આરોપ અપાય ખરો ?

**પ્રશ્નકર્તા :** ના અપાય.

**દાદાશ્રી :** અને તે એટલું નહીં પાછું, ભગવાન એકલાનું નહીં. પાછું કહેશે, 'માય સ્ટાર્સ આર નૉટ ફેવરેબલ (મારા ગ્રહો સારા નથી).' લે ! અલ્યા, સ્ટાર્સ (ગ્રહો)ને શું કરવા વગોવે છે ? આ તો પુણ્યના આધારે પોતાના ધાર્યા પ્રમાણે થાય ત્યારે 'મેં કર્યું' કહે ને ખોટ જાય ત્યારે 'ભગવાને ઘાલી' કહે ! નહીં તો કહે, કે મારા ગ્રહો રાશી છે ! અને એ ગ્રહો પાછા સીધા નડતા નથી. આપણી અંદરના જ જે બેઠા છે ને ગ્રહો, તે જ નડે છે.

## ગર્વરસ ચાખે એ વધારાની બુદ્ધિ

આ જગતમાં બધી ક્રિયાઓ થઈ રહી છે, એ બુદ્ધિથી જ થાય છે. જ્ઞાનની એમાં જરૂર નથી. 'જ્ઞાન' જ્ઞાનમાં જ છે અને બુદ્ધિની જે ક્રિયા થાય છે, એનેય 'જ્ઞાન' જાણે છે !

જ્ઞાનમાં કશું કરવાનું ના હોય, બુદ્ધિમાં કરવાનું હોય. બુદ્ધિને લઈને અહંકાર ઊભો રહ્યો છે. અહંકારને લઈને સંસાર ઊભો રહ્યો છે. જ્યારે

અહંકાર-બુદ્ધિ બેઉ વપરાશે નહીં ત્યારે જ્ઞાનપ્રકાશ થશે ! સંપૂર્ણ પ્રકાશ ! છેવટે બુદ્ધિ વગરનું વિજ્ઞાન થશે ત્યારે કામ થશે.

**પ્રશ્નકર્તા :** પેલી બુદ્ધિની વાત નીકળી હતી ને કે બુદ્ધિને અન્ડરહેન્ડ (નોકર) તરીકે રાખવાની, નહીં તો બુદ્ધિ બોસ તરીકે રહેશે, એ જરા ફોડ પાડો ને !

**દાદાશ્રી :** બુદ્ધિનું ચલણ આવે તો બુદ્ધિ બોસ થઈ બેસે અને જાણીજોઈને છેતરાય એટલે બુદ્ધિ જાણે કે આ વળી મારું ચલણ નથી રહ્યું. નહીં તો બુદ્ધિ જાણીજોઈને છેતરાવા ના દે. એ પ્રોટેક્શન (રક્ષણ) ખોળી જ કાઢે. પણ આપણે જાણીજોઈને છેતરાઈએ એટલે બુદ્ધિ ટાઢી પડી જાય, 'યસ મેન' (હાજી હા કરનાર) થઈ જાય પછી, અન્ડરહેન્ડ તરીકે રહે.

**પ્રશ્નકર્તા :** અને છતાંય વ્યવહારનું કામ બગડે નહીં ?

**દાદાશ્રી :** કશુંય બગડે નહીં. વ્યવહારનું કામ બગડતું હશે ? વ્યવહારને સુધારવા માટે તો, બુદ્ધિ એનું કામ કર્યા જ કરે છે. આ તો વધારાની બુદ્ધિ આપણને ટૈડકાવે છે.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં જો નોર્મલ બુદ્ધિ હોય અને આ જે એક્સેસ બુદ્ધિ છે, એમાં પોતે કેવી રીતે સમજી શકે કે આ એક્સેસ બુદ્ધિ છે ?

**દાદાશ્રી :** વાતવાતમાં ઈમોશનલ કરે તે એક્સેસ બુદ્ધિ. એ સેન્સિટિવ થઈ જાય. બહુ સેન્સિટિવ સ્વભાવનો છે, એવું નથી કહેતા ?

**પ્રશ્નકર્તા :** એ એક્સેસ બુદ્ધિ છે, એની સામે પોતે કેવી રીતે 'ફેસ' કરવું ? આ જે ઈમોશનલ કરે છે, સેન્સિટિવ કરે છે, ત્યાં કેવી કેવી રીતે એ બ્રેક મારવી ?

**દાદાશ્રી :** આ ભાઈને પોલીસવાળો પકડવા આવે તો તું એને કહી દઉં, કે 'તું આમ જતો રહે, પોલીસવાળા આવ્યા છે.' એમ પાછલે બારણે કાઢી મૂકે, એનું નામ વધી ગયેલી બુદ્ધિ. પેલા ભાઈને બુદ્ધિ નથી અને સમજણ નહોતી પડતી, ત્યારે આપણે રસ્તો કરવો પડે ને ? પેલો કહેય ખરો કે, 'તમે મને બહાર કાઢ્યા, તે સારું થયું.' એટલે પોતે મનમાં ફૂલાય કે 'હેંડો, ચાલો, આપણો વ્યવહાર સારો થયો !' આમ પોતે ગર્વરસ ચાખે, તે વધારે બુદ્ધિ. પણ એ પછી બોસ થઈ બેસે ને ! પછી આપણી બાબતમાંય એવું કરે એ, આપણી મર્યાદા ના રાખે.

**પ્રશ્નકર્તા :** આપણી બાબતમાં એટલે કઈ રીતે ?

**દાદાશ્રી :** એ બુદ્ધિ આપણી પાસેય કહેશે કે 'આ કરો, કરો ને કરો જ. બીજું ના કરવા દઉં.' એટલે બુદ્ધિ એ બોસ તરીકે રહેશે, એ તને ટૈડકાવશે. તને કહેશે, 'તમારામાં અક્કલ નથી. તમે ભાઈના સામા થાવ. આમ એની સાથે ક્યાં સુધી ફાવે આવું ?' એવું તને ટૈડકાવે. પછી ભાઈની સામોય થઈ જાય. 'ખસી જાવ, આપણે કહી દો' એ બધું અહંકાર નથી, એ બુદ્ધિ છે. તું આવું જાણતો નહોતો ?

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ આવું બતાડે એની સામે કેવી રીતે ડીલિંગ કરવું ?

**દાદાશ્રી :** કહ્યું ને ભઈ, આવી બુદ્ધિને નોકર બનાવી દો, બોસ નહીં. એક મહિના સુધી છેતરાય છેતરાય કરે તો ધીમે ધીમે બુદ્ધિનું ચલણ ઓછું થઈ જાય. 'મારું ચલણ નથી' એમ બુદ્ધિ કહે પછી.

**પ્રશ્નકર્તા :** આ એક્સેસ બુદ્ધિ જે દેખાય એને સમજાવી-પટાવીને કે એના સામા થઈને ફેસ કરી શકાય ?

**દાદાશ્રી :** કહ્યું ને, જાણીને છેતરાઓ.

**પ્રશ્નકર્તા :** પણ બુદ્ધિની તો બૂમો કેટલી બધી પડતી હોય તો તેના પક્ષમાં ભળી જવાય છે તેનું શું ?

**દાદાશ્રી :** શી રીતે ભળી જવાય ? ચોખા એ ચોખા ને દાળ એ દાળ, ખીચડીમાં જુદું જ હોય ને ? પછી એ ગમે તે થાય. છૂટું એકવાર પાડવું પડે. પછી એ ભળી ના જાય.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિનું ચલણ હોય અને એના આધારે દોરવાય તો પછી મહીં બળતરા ઊભી થાય ને ઈમોશનલપણું ઊભું થઈ જાય ને ?

**દાદાશ્રી :** બુદ્ધિનું ચલણ હોય તો ઈમોશનલ થાય, પણ બળતરા ના થાય. બળતરા તો અહંકાર ઊભો થાય ત્યારે થાય.

**પ્રશ્નકર્તા :** આ તો પહેલી વખત ફોડ સાંભળ્યો પણ બુદ્ધિ વધે તેમ બળાપો વધે એવુંયે કહ્યું છે ને ?

**દાદાશ્રી :** હા, એ તો પણ પેલા અહંકારવાળાને.

**પ્રશ્નકર્તા :** એટલે અહંકાર હોય જ એમાં ?

**દાદાશ્રી :** હા, અહંકાર હોય તેને.

## 'હું કંઈક છું' માની બેઠેલો અહંકાર

**પ્રશ્નકર્તા :** આજુબાજુનો વ્યવહારેય એવો હોય કે પોતાની કંઈક ગિફ્ટ હોય, તેમાં પોતાનો અહંકાર પોષાય. અને એવી એને ટેવ જ પડેલી છે કે જ્યાં જાય ત્યાં પોતાને બધા આમ આમ કરે (માન આપે), તમે કંઈક આમ આમ છો, કહે. એટલે પછી મહીં એ બધું મીઠું લાગે ને ! એટલે પોતાનું 'હું'પણું આખું ક્રેક (ગાંડો અહંકાર) થતું જાય ને ?

**દાદાશ્રી :** પણ એ નિર્જીવ છે. આપણા જ્ઞાન આપ્યા પછી જીવ નથી રહેતો.

**પ્રશ્નકર્તા :** જીવ નથી રહેતો, પણ નિર્જીવ હેરાન કરે ને ?

**દાદાશ્રી :** નિર્જીવ વધે નહીં. જે છે એટલાનો ઉકેલ આવી જાય.

**પ્રશ્નકર્તા :** બીજાને એ નુકસાન થાય ને ?

**દાદાશ્રી :** એ તો નુકસાન થાય. પોતાને ને બીજાને, બન્નેવને નુકસાન થાય. પણ નિર્જીવપણું છે એટલે બેઉને એટલું બધું ના થાય, જ્ઞાનમાંથી પડી જાય એવું ના થાય. નહીં તો એમને આ જ્ઞાન ક્યારનુંય ફર્સ્ટ ક્લાસ થઈ ગયું હોત. પણ આ તો જરાક ડખો કરે છે, કે 'હું કંઈક છું', 'હું કંઈક છું' તે 'હું'નું રહી ગયું છે. તે 'હું' કાઢવા ફરું છું પણ નીકળતું નથી.

એ 'હું' સેન્સિટિવ થયો એટલે આ બધો ડખો થાય. મેં કહ્યું. 'અરે નથી કશામાં ! હું જ નથી ને કશામાં, તો તમે ક્યાંથી આવી ગયા ?' તો પણ એમને 'હું' જતું નથી. નહીં તો આ જ્ઞાન પ્રગટ થાય, દીપી નીકળે એવું છે. 'હું'ને વળી શું કરવું છે ? 'હું'ને તો કાઢવાનો છે. એટલે અમારી રીત તમને સમજાવી દઉં. કશામાં ડખો જ કરવા જેવો નથી.

આ તો દરેક વાતમાં બોલે. ઘડિયાળની વાત કાઢીને 'ફલાણું થાય, ફલાણું...' અલ્યા, તું શેની બાબતમાં સમજે છે તે ? સંડાસ જતા આવડતું નથી ને, વગર કામના લોકો ડખો કર્યા કરે છે અને મહીં 'હું' 'હું' કર્યા કરે છે. કર્મના આધીન છે બિચારા !

અહંકાર 'હું કંઈક છું' માની બેઠેલા ને ! આટલા શબ્દ બોલીએ ને, તે બધાય શબ્દ પાછા

પડે. કહેશે, 'તમારે શું ?' એટલે આપણે ના જાણીએ કે આપણા શબ્દ મોઢામાં ઘાલી દીધા આ માણસે ? એટલે ફરી બોલાય જ કેમ કરીને ? આ જેટલો સામાન છે ને, બધો અહંકારનો. એ સંપૂર્ણ મૂળ સાથે કાઢી નાખવામાં ના આવે, ત્યાં સુધી ફરી બધું ઊભું થઈ જતા વાર નહીં લાગે. કેવા સંયોગોમાં ક્યારે ઊભું થઈ જાય એ કહેવાય નહીં. માટે આનું શું કરવાનું ? અજ્ઞાનતા તો ગઈ હવે. હવે અહંકારને ખોદવાનો પ્રયત્ન રાખવો પડે. આ જરૂરિયાત અહંકાર એ તો ડ્રામેટિક છે જ, પણ મહીં બીજો ગૂંચાયા કરે છાનોમાનો, એ ખબર પડે નહીં.

એટલી બધી કરુણતાવાળી લાઈફ છે અને એમાં આવા અહંકાર કરવા જઈએ, ગાંડા કાઢીએ તે બહેરાશ થઈ જાય તો ? અગર તો બેતાળા થવા આવ્યા તો, શાને માટે અહંકાર ? જેને આધાર આપવા જેવા માણસ છે, ત્યારે એને અહંકાર હોતો નથી. જેને આધાર આપવા જેવા નથી હોતા, ત્યાં અહંકાર હોય છે બધો !

## અમને સંસારનું કશું આવડતું નથી

મને તો ભાષણ કરતાય આવડતું નથી. આ 'જ્ઞાન' છે એટલું જ આવડે, બીજું કશું આવડે નહીં આ જગતમાં. અને બીજું કશું ના આવડ્યું તેથી તો આ આવડ્યું ! અને ક્યાંય શીખવા પણ નથી ગયો. નહીં તો જે ને તે ગુરુ થઈ બેસે. એના કરતાં આમાં 'એક્સ્પર્ટ' તો થઈ જઈએ, નિર્લેપ તો થઈ જઈએ !

મને તો સંસારનીયે બાબત કશી આવડતી નથી અને સ્કૂલમાંય નહોતું આવડતું. આ એકલું આવડતું હતું કે ઉપરી ના જોઈએ. એ જ ભાંજગડ બહુ લાગી. માથે ઉપરી ના જોઈએ ! પછી ગમે તે ખાવા-પીવાનું હોય તેની હરકત નથી, પણ માથે ઉપરી ના જોઈએ. આ દેહ છે, તે દેહ એનું 'એડજસ્ટમેન્ટ' લઈને જ આવ્યો છે.

હવે આ 'જ્ઞાન' એવું છે ને, તે બધું જ કામ કરે. બાકી, અમને સંસારનું કશું જ આવડતું નથી. પણ તોય પાછું કામ સરસ ચાલ્યા કરે, બધાય કરતાં સરસ ચાલ્યા કરે. બધાને તો બૂમો પાડવી પડે છે. મારે તો બૂમોય પાડવી નથી પડતી. છતાંય બધી આવડત કરતાં સારું કામ થાય છે. આ જેને જોડા સીવતા આવડે ને, તેને જોડા સીવ સીવ કરવાના ! કપડાં સીવતા આવડે, તેને એ કપડાં જ સીવ સીવ કરવાના ! ને જેને કંઈ ના આવડે, તેને નવરું બેસી રહેવાનું. આવડે નહીં, તેને શું કરવાનું તે ?

કારણ કે ભગવાને શું કહ્યું છે કે જેને કંઈ પણ આવડે છે તે જ્ઞાન અહંકારના આધારે રહ્યું છે. જેને આવડતું નથી તેને અહંકાર જ નથી ને ! અહંકાર હોય તો આવડ્યા વગર રહે નહીં ને ! મને તો આ એકલું જ આવડે છે. છતાંયે લોકોના મનમાં ભ્રમણા છે કે દાદા બધું જાણે ! પણ શું જાણે છે તે ? કશુંય જાણતા નથી. 'હું' તો 'આત્મા'ની વાત જાણું છું, 'આત્મા' જ્ઞાતા-દ્રષ્ટા છે તે જાણું છું, 'આત્મા' જે જે જોઈ શકે છે એ 'હું' જોઈ શકું છું પણ બીજું આવડતું નથી. અહંકાર હોય તો આવડે ને ! અહંકાર બિલકુલેય નિર્મૂળ થઈ ગયો છે. જેનું મૂળિયું પણ નથી રહ્યું, કે આ જગ્યાએ હતો ને તે જગ્યાએ એની કોઈ સુગંધીયે ના આવે, એટલા બધા મૂળિયા નીકળી ગયા. ત્યાર પછી એ પદ કેવું મઝાનું હશે !

આ તો અમારી કેટલાય અવતારની સાધના હશે, તે એકદમ ફળ આવીને ઊભું રહ્યું ! બાકી, આ ભવમાં તો કશું આવડ્યું જ નથી. આવડત તો મેં કોઈ માણસમાં જોઈ જ નથી.

આ મોચી છે, એને ઓછું આવડતું હોય, તે જોડા બનાવે. પણ બાર મહિને ખોટ ને ખોટ જ લાવે. તેવું આ કાળના જીવો ખોટ ને ખોટ જ લાવે. જરા આવડતવાળા હોય તે નફા કરતાં ખોટ વધારે લાવે. ચામડું બધું બગાડી નાખે. જોડા સીવે હઉ અને ચામડું પાંચસો જોડાનું બગાડે ! તેમાં શું નફો રહ્યો ? મહેનત કરી નકામી અને ખોટ ગઈ. એટલે મૂળ વેપારમાં ખોટ આવે. આ સંસારી જે નફો આવે છે, નુકસાન થાય છે, તે તો પુણ્યના આધીન છે. તેમાં આ લોકો શું કમાવાના હતા ? એ તો પુણ્યની કમાણી છે ! તે આ અક્કલના ઈસ્કોતરા જોડા જ ઘસ્યા કરે છે ! એટલે આપણે તો શૂન્ય જ, કશું આવડતું જ નહોતું એમ માનીને ચાલો ને ! છેકો મારીને નીચે નવેસરથી રકમ લખવાની. કઈ રકમ ? અમારી શુદ્ધાત્માની રકમ પાકી ! નિર્લેપ ભાવ, અસંગ ભાવ સહિત ! આ તો અહીં સંપૂર્ણ રકમ આપેલી છે. 'દાદા'એ શુદ્ધાત્મા આપ્યો ત્યારે શુદ્ધાત્મા થયા. નહીં તો કશું હતુંય નહીં, કોઈ પૈસા ભારેય સામાન નહોતો !

## આવડત, 'એક્સપર્ટ' થતા અટકાવે

અમને આ લખવા કરવાનું ના આવડે, પેનેય પકડતા ના આવડે. અમને કશું આવડે નહીં. સંસારનું કશું ના આવડે એનું નામ 'જ્ઞાની.' અમે અબુધ કહેવાઈએ.

**પ્રશ્નકર્તા :** આપ આપની જાતને અબુધ કહો છો, પણ પ્રબુધ લાગો છો અમને.

**દાદાશ્રી :** પણ હું તો દરેક બાબતનો અનુભવ કરીને કહું છું. આજે સિત્તેર વર્ષની ઉંમર થઈ, પણ હજી મને દાઢી કરતા નથી આવડતી. લોકો મનમાં માને છે કે પોતાને દાઢી કરતા આવડે છે, એ બધું ઈગોઈઝમ છે. અમુક જ બહુ જૂજ માણસોને દાઢી કરતા આવડતી હશે. મને પોતાને જ સમજાય છે કે આ કેમનું રેઝર પકડવું, કેટલી ડિગ્રીએ પકડું, એની કશી ખબર હોતી નથી. એના એક્સપર્ટ આપણે થયેલા નથી. જ્યાં સુધી હું એક્સપર્ટ થયો નથી ત્યાં સુધી આપણને આવડતું નથી એમ જ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એક્સપર્ટ થવામાં આપને ફાયદો નથી દેખાયો ને ?

**દાદાશ્રી :** ફાયદાની વાત નથી, પણ હું 'જેમ છે તેમ' કહી દઉં છું કે મને દાઢી કરતા નથી આવડતી. તમને એમ થાય કે આમ તો કેમ કરીને હોય ? પણ તમને આવડે છે એ જ ખોટું છે. એ ખાલી 'ઈગોઈઝમ' છે. કેટલાકને તો બ્લેડ વાપરતા જ નથી આવડતી. બ્લેડ વપરાઈ કે નથી વપરાઈ તે જ જાણતા નથી. આ તો બધું પોલંપોલ ચાલ્યા કરે છે !

**પ્રશ્નકર્તા :** એક્સપર્ટ એટલે ?

**દાદાશ્રી :** માણસ એક્સપર્ટ થઈ શકે નહીં. એક્સપર્ટ એ તો કુદરતી બક્ષિસ છે. આ આત્મવિજ્ઞાનમાં હુંય એક્સપર્ટ થયેલો છું, તેય કુદરતી બક્ષિસ છે. નહીં તો માણસ તે જ્ઞાની શી રીતે થઈ શકે ? તેથી અમે કહીએ છીએ કે 'ધીસ ઈઝ બટ નેચરલ.'

અરે, મને તો ચાલતાય નથી આવડતું. લોકો કહે કે દાદા બહુ સરસ ચાલે છે ! પણ હું તો જ્ઞાનદષ્ટિથી જોતો હોઉં એટલે મને ખબર પડે કે મને ચાલતાય નથી આવડતું.

**પ્રશ્નકર્તા :** પણ અમને તો તમારું બધું જ આદર્શરૂપ જ દેખાય.

**દાદાશ્રી :** એવું લાગે, પણ હું જ્ઞાનરૂપે જોઉં, છેલ્લા ચશ્માથી જોઉં. એટલે છેલ્લી લાઈટથી આ બધું કાચું લાગે.

કેટલાક માણસો મને કહે છે કે દાદા, તમારી જોડે બેસીને અમે ખાતા શીખ્યા. હવે હું મારી જાતને જાણું ને કે મને જમતા જ નથી આવડતું. જમતાનો ફોટો કેવો હોવો જોઈએ, કેવું ચારિત્ર હોવું જોઈએ એ અમને લક્ષમાં હોય જ. પણ તે કોને હોય ? બક્ષિસવાળાને હોય.

એક બાજુ અહંકાર હોય અને એક બાજુ 'એક્સપર્ટ' થવું, એ બે સાથે થઈ શકે જ નહીં. અહંકાર જ 'એક્સપર્ટ' થતા અટકાવે છે.

એટલે અમે 'અબુધ' છીએ એ અનુભવપૂર્વકનું કહીએ છીએ, એમ ને એમ નથી કહેતા. છતાંય તમને પ્રબુધ દેખાય છે એ તમારી દૃષ્ટિ છે. મારી દૃષ્ટિ ક્યાં હશે, એ તમને સમજાયું ? અમારી છેલ્લી દૃષ્ટિ છે.

ધંધામાંય હું મારી જાતને 'એક્સપર્ટ' માનતો હતો. તેય આ જ્ઞાન થયા પછી તટસ્થ દૃષ્ટિથી જોયું, લોકોને ધંધા કરતા જોયા ત્યારે હું સમજી ગયો કે આ તો કશું આવડતું જ નથી. આ તો 'ઈગોઈઝમ' જ છે ખાલી. કોઈ પાંચ જણા માને, સ્વીકાર કરે માટે કંઈ બધી આવડત થઈ ગઈ ?

**પ્રશ્નકર્તા :** આપની દૃષ્ટિએ અબુધપણું બરાબર છે પણ વ્યવહારિક દૃષ્ટિએ ?

**દાદાશ્રી :** 'હું બુદ્ધ છું' એ ભાન અને આ જ્ઞાન એ બે સાથે રહી શકે જ નહીં. અમારી પાસે જ્ઞાનનો ફુલ પ્રકાશ હોય, એટલે અમને બુદ્ધિની જરૂર જ નહીં ને ! બુદ્ધિ 'ઈમોશનલ' કરાવે અને જ્ઞાન મોશનમાં રાખે.

અમને સંસાર વિસારે પડી ગયો હોય. અમને સહી કરતાય આવડતી નથી. પંદર-વીસ વરસથી કશું લખ્યું જ નથી એટલે બધું વિસારે પડી ગયું છે. આ સંસાર એની મેળે વિસારે પડી જાય એવો છે. એના માટે આટલા બધા પ્રયોગ કરવાની જરૂર નથી. પરિચય છૂટ્યો કે વિસારે પડે. એટલે પરિચય છૂટવો જોઈએ. સાધારણ વ્યવહારનો વાંધો નથી, પણ પરિચયનો વાંધો છે.

## આ તો અમારું યશનામ કર્મ

કોઈ કહે છે, 'ઘેર મારા ભાઈને તાવ બહુ રહે છે, આજ પંદર-વીસ દહાડાથી ઉતરતો નથી.' મારી એક માળા એને આપું છું ને, તે બીજે દહાડે કાગળ આવે છે કે તાવ બિલકુલ જતો રહ્યો છે. માળા પહેરતાની સાથે જ જતો રહ્યો છે. એવા બધા ઘણા 'કેસો' આવા બને છે. આ તો અમારું યશનામ કર્મ છે. અને પેલા સંતોનેય જે ચમત્કાર કરે છે ને, તેય યશનામ કર્મ હોય છે.

પહેલા તો આપણે અહીં ફૂલોના હાર પહેરાવતા હતા. ત્યારે પાંચ-પચ્ચીસ હાર હોય, તે કોઈ માણસ અહીંથી લઈને જાય અને પછી દવાખાનામાં જઈને ત્યાં દર્દીઓને પહેરાવતા હતા અને એને કહેશે, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો. તે સવારમાં ડૉક્ટર કહે કે 'આ દર્દીઓને ફેરફાર કેમ કરીને થયો ?'

**પ્રશ્નકર્તા :** છતાં એ ચમત્કાર જેવું નથી, એવું આપ કહો છો ?

**દાદાશ્રી :** હા, ચમત્કાર કર્યો એવું આપણે નથી કહેતા અને આ જે સાંભળ્યું ને, એના કરતાંય ઘણા મોટા થયેલા છે, જગત આફરીન થઈ જાય એવા થયા છે, પણ તે જો ચમત્કાર કહેશો તો બીજાના ચમત્કાર ચાલુ રહેશે. એટલે હું એ ચમત્કાર તોડવા માટે આવ્યો છું. ખરી રીતે હકીકતમાં, વાસ્તવિકતામાં એ ચમત્કાર છે જ નહીં.

આ અમારો ફોટોય બહુ કામ કરે છે. એટલે લોકોને અમે છેવટે ફોટા આપીએ છીએ. કારણ

કે આટલું જો કામ નહીં કરે તો આ 'વાસણો' અજવાળી શકાય એવા નથી. એટલા બધા વાસણો ખરડાઈ ગયા છે કે અજવાળી શકાય એવું નથી. એટલે આ કુદરત એની પાછળ કામ કરી રહી છે. બધું થઈ રહ્યું છે, ચમત્કાર નથી આ ! આવા આવા તો રોજ કેટલાય કાગળો આવે છે કે 'દાદા, તે દહાડે તમે કહ્યું હતું કે જા, તને નોકરી મળી જશે, તે મને નોકરી મળી ગઈ !' આ બધું કુદરત કરે છે !

તે મને બધા બહુ જણા કહેવા આવે છે કે 'દાદા, તમે જ આ બધું કર્યું. આ ચમત્કાર તમે જ કર્યા.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, હું તો ચમત્કારી નથી. હું કંઈ જાદુગર નથી અને આવું કંઈ હું કરી શકું એમ છું નહીં.' ત્યારે કહે છે, 'આ કર્યું કોણે ?' આ તો એવું છે ને, દાદા યશનામ કર્મ પોતાનું લઈને આવ્યા છે, એટલે દાદાનો યશ બોલાય છે અને એ (અમારું) યશનામ કર્મ તમારું સારું કરે. તમારું નિમિત્ત હોય એમાં, એમાં મારું શું ? હું કર્તા ન્હોય ને એમાં ? એટલે હું ક્યાં આવો માલ ખાઈ જાઉ ? આ લોકો તો વગર કામના જશ આપતા આવે છે અને પેલા જશ ખાનારા બધા જશ ખાયા કરે છે. લોક તો જશના ભૂખ્યા હોય, તે ખાયા કરે. આ સંતપુરુષોય ખઈ જાય છે પણ તે એમને પચતું નથી બિચારા ને, ઊલટા વધારે ભટકે છે !

સહુ સહુના જે યશનામ કર્મ હોય ને, એટલે જશ એમને મળે. જે કંઈકેય સંત થયો હોય, એને થોડું યશનામ કર્મ હોય અને અમારે યશનામ કર્મ મોટું ! મને તો સંસારી દશામાંય જશ હતો. અમથો હાથ અડાડું ને, તોય પેલાને રૂપિયા-રૂપિયા થઈ જાય. એટલે આ મેં કર્યું નથી. આ તો અમારું યશનામ કર્મ જે છે, તે આ નામકર્મ જ બધું તમને ફળ આપે છે અને એને લોકો ચમત્કાર માને, એવું શિખવાડ્યું ! ચમત્કાર એ બની શકે નહીં. હું એક બાજુ એવુંયે કહું છું કે વર્લ્ડમાં કોઈને સંડાસ જવાની શક્તિ નથી, તો ચમત્કાર શી રીતે કરે ?

ઘણા માણસો પછી આવીને કહે છે, 'દાદાજી, હું આમ ફસાયો છું. તે મારો કંઈક ઉકેલ લાવી આપો ને !' તે હું વિધિ કરું પછી એ છૂટી ગયેલા હોય છે. માટે કંઈ એ મેં કર્યું ? ના. હું નિમિત્ત હતો આમાં. આ યશનામ કર્મ હતું મારું !

એક માણસે કરોડ રૂપિયાનો મારી જોડે સોદો કર્યો. કહે છે, 'મારી કરોડ રૂપિયાની મિલકત બધી ફસાઈ ગઈ છે ને મારી પાસે આજ 'મેન્ટેનન્સ' કરવાના પૈસા નથી.' એટલે બધા કહે છે, 'આને કંઈ વિધિ કરી આપો ને, બિચારાને કંઈ મિલકત વેચાય.' એને મિલકત ત્રણ-ત્રણ વર્ષથી વેચવી હતી, તે વેચાતી ન હતી. તે વિધિ કરી આપી, પછી મહિનાની અંદર સિત્તેર લાખની વેચાઈ. મેં કહ્યું, 'પેલી ફેક્ટરીમાં સત્યનારાયણની કથા કરાવડાવો અને પેલી ફેક્ટરીમાં જૈનોની પૂજા ભણાવો.' એ પછી મને કહે છે, 'દાદાજી, ત્રીસ લાખની બાકી છે, કંઈ કરો ને !' હું સમજી ગયો કે આ માણસની જોડે સોદો ભૂલથી થયો છે. આ માણસ ભગવાનનો ઉપકાર માને તો બહુ થઈ ગયું. મારે કંઈ તારી પાસે લેવું નથી. તું ભગવાનનો ઉપકાર માને કે ઓહો, ભગવાનના પ્રતાપે હું છૂટ્યો, એટલું કરે તોય સારું. અને જો હું કરતો હોઉ તો દલાલી રાખું નહીં ? તે એમ ના કહું કે આટલા ટકા મૂકી જવા, જો સફળ થાય તો ? એટલે અમે બંધ કરી દીધો એ વેપાર. કામ કરવાનું ને ના કરવાનું બંને બંધ કરી દીધા ને !

**પ્રશ્નકર્તા :** આત્માની વાત તો ચાલુ જ છે ને !

**દાદાશ્રી :** એ આત્માની વાત તો આમાં કશું

લેવાય નહીં. આનો બદલો જ ના હોય અને આનો બદલો આપવાનો હોય તો આ વાત ફળે જ નહીં.

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાનમાં લેવાની વાત જ નથી, આપવાની જ વાત છે ને એમાં તો ?

**દાદાશ્રી :** હા, બસ. કારણ કે એ તો બદલામાં શું તમે આપો ? પુદ્ગલ આપશો. બીજું શું આપશો ? અને આની કિંમત જો પુદ્ગલ હોય તો પછી આત્મા જ નથી એ. અમૂલ્ય ચીજની 'વેલ્યુ' (કિંમત) ના હોય !

## સાચી-ખોટી બેઉ ટેપમાં, જ્ઞાની નિર્લેપ

**પ્રશ્નકર્તા :** આપ બહુ સુંદર દૃષ્ટાંત આપો છો.

**દાદાશ્રી :** મેં નથી આપ્યા, આ તો ટેપરેકર્ડ આપે છે. આ ઈનામ મને ના આપતા. આ ટેપરેકર્ડ બોલે છે. હુંય ખુશ થઈ જાઉ છું કે ઓહોહો ! આજ ટેપરેકર્ડ સરસ વાગી.

**પ્રશ્નકર્તા :** આ ટેપમાં અજાયબ ભર્યું છે !

**દાદાશ્રી :** પણ એવું નીકળે તો લોકો પ્રેઝન્ટ મને આપે. આ જવાબ અંબાલાલભાઈ આપતા નથી, આ ટેપરેકર્ડ આપે છે. અમે આનો ગર્વ લઈએ નહીં કે 'કેવું સારું બોલ્યો !' એટલે રેકર્ડ સારી વાગે તોય એનો હું માલિક થતો નથી. અને આ રેકર્ડ તો લોક વખાણ કરે એવી જ હોય ને ? પણ એના માલિક ના થઈએ અમે. માલિક થઉં તો પૉઈઝન થઈ જાય. અમે તો જવાબદારી જ નથી લેતા ને, એની.

ઘણા ફેરા તો આ ટેપરેકર્ડ સાંભળીને હું પણ ખુશ થઈ જાઉ અને બીજું સાંભળીએ તોય અમે નાખુશ ના થઈએ અને તમે બધા નાખુશ થઈ જાવ. તે આમ નાખુશ તો તમે થતા નથી પણ જરા કાચું પડી જાય. પછી સમું કરો. ત્યારે સાંભળો તે ઘડીએ પહેલા તો કાચું પડી જાય. તે ઘડીએ કહે કે દાદા, કેમ આવું બોલ્યા ? એટલે અમારે કહેવું પડે કે આ ટેપરેકર્ડ બોલે છે.

આ તો ટેપરેકર્ડ એમ ને એમ જ નીકળ્યા કરે. અને અમે તો 'આ ટેપરેકર્ડ શું બોલે છે' એ જોયા કરીએ ને જાણ્યા કરીએ, બસ ! ખરાબ બોલાય તોય અમે જાણીએ અને સારું બોલાય તોય અમે જાણીએ. બેઉના જાણકાર અમે. એમાં ખરા-ખોટાનીય પછી જોખમદારી નહીં. કારણ કે ટેપરેકર્ડ બોલે છે, 'હું' તો 'જાણનાર' છું. 'હું' જુદો છું.

## આ કોણ કરી રહ્યું છે, તે જાણવાની જરૂર

**પ્રશ્નકર્તા :** આપની વાત નીકળેલી કે હવે આપણો અભિપ્રાય કેવો હોવો જોઈએ કે દેહમાં સુખ ના લાગવું જોઈએ, વાણીમાં સુખ ના લાગવું જોઈએ, મનમાં સુખ ના લાગવું જોઈએ. અને બુદ્ધિમાં સુખ ના લાગવું જોઈએ. તો આ બધા જુદા જુદા, એમાં જરા દાખલા સાથે જણાવો ને !

વાણીમાં સુખ કેવી રીતે લેવાય એ જરા દાખલા આપીને સમજાવો ને !

**દાદાશ્રી :** વાણીમાં તો એ બોલતો હોય ને, તે બધાને મજા આવતી હોય, એટલે પોતાનામાં સુખ વર્તે. એટલે અમે શું કહીએ છીએ વાણીને, કે આ તો ટેપરેકર્ડ બોલે છે. એટલે છૂટું પડી જાય ને !

**પ્રશ્નકર્તા :** વાણીનો ગર્વરસ લે ?

**દાદાશ્રી :** ગર્વરસ નહીં. વાણી તો જે બોલે ને, તે સામા ખુશ થઈ જાય ને એને મહીં આનંદ ઉત્પન્ન થાય. એ પેલો આત્માનો આનંદ ખસી જાય તે ઘડીએ. આને ચાખવાની ટેવ પડી છે ને આ.

**પ્રશ્નકર્તા :** એ ચાખવું એનું નામ ગર્વરસ કહેવાય ?

**દાદાશ્રી :** ગર્વરસ ન્હોય, ગર્વરસ તો અહંકાર કરે ત્યારે ગર્વરસ. આ ચાખવાનો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ અહીં આપણા મહાત્માઓ પણ કોઈ ચાખે છે ને ?

**દાદાશ્રી :** એ બધા ચાખે છે. કરે શું તે ઘડીએ ?

**પ્રશ્નકર્તા :** તે કોણ છે એ ચાખનાર ? એ ચાખનાર કોણ રહ્યો ?

**દાદાશ્રી :** કોણ ? જેને કડવું લાગતું હતું તે. નથી ગમતું જેને, એ ચાખે છે આ. અને અમે તો કહીએ છીએ ને કે ભઈ, આ ટેપરેકર્ડ બોલે છે. બધા ખુશ થતા હોય તોય અમને એમાં કંઈ લેવાદેવા નહીં.

બાકી બોલે ને, તો બે કલાક સુધી બોલે, પણ ખૂબ આનંદ આવે. એ મસ્તીમાં જ હોય. બધું ભૂલી ગયો હોય. છતાં આત્માની વાણી બોલવામાં વાંધો નથી. આત્મા માટે બોલતો હોય ને ભૂલી જતો હોય, એ એને માટે આનંદ આવતો હોય, પેલા સામા માણસને એ (ફાયદો) થાય, તો એ વાંધો નથી. એ ઉપકારી છે. ભૌતિક વાતો હોય, બહારની દુનિયાદારીની વાતો કરીને આનંદ આવે તે નુકસાનકારક છે.

**પ્રશ્નકર્તા :** સામો સારું વર્તન કરે આપણી જોડે, તો એ સહેજે અંદર પેલું સુખ ઉત્પન્ન થાય, તો પછી ત્યાં ઉપાય શો કરવાનો રહે છે ?

**દાદાશ્રી :** ઉપાય શાનો કરવાનો ?

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** આપણે છૂટા પડી જવાનું. આ ખોટું છે એવું જાણે તોય બહુ થઈ ગયું. હું તો જાણવા માટે કહું છું, કરવા માટે નથી કહેતો.

**પ્રશ્નકર્તા :** વાણીનું સુખ, દેહનું સુખ, હવે મનનું સુખ પોતે માણે છે એનો દાખલો આપો ને ! મનમાં સુખ ન લાગવું જોઈએ, એનો દાખલો શું ?

**દાદાશ્રી :** આ કોઈ મહાત્માના વિચાર કરો, એનું કેમ કરીને રાગે પાડવું છે, એ બધું તે ઘડીએ મહાત્માના વિચાર છે, માટે તમને સુખ વર્તે. એ માનસિક સુખ. દેરાસરને માટે તમે કશું કામ કરી આવ્યા હોય અને એના માટે વિચારો ને, એને બધા વિચારો આવે તે ઘડીએ ખૂબ આનંદ થાય, માનસિક આનંદ. દેરાસરનું કામ જેને સોંપ્યું છે, આરસ પથ્થર કાઢે છે, એને કેટલો આનંદ આવતો હશે ?

**પ્રશ્નકર્તા :** ચેક કબાટમાં મૂકવા આપો તોય આનંદ આવે.

**દાદાશ્રી :** હા, તોય આનંદ આવે.

**પ્રશ્નકર્તા :** ત્યાં શી જાગૃતિ રાખવાની ?

**દાદાશ્રી :** બધી જાગૃતિ રાખવાની. આત્માની (જાગૃતિ) રાખવાની છે. આ કોણ કરી રહ્યું છે એ જાણવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** આ જાણી રાખવા માટે જ પૂછું છું.

**દાદાશ્રી :** હા, જાણી રાખવાનું આ કોણ કરી રહ્યું છે તે. ફરી આવો તાલ નહીં મળે. હું શું કહું છું કે જે અક્રમ વિજ્ઞાન છે ને, એ તાલ નહીં મળે. એ જ્ઞાની ફરી ભેગા થાય નહીં !

## માલિકી નહીં ત્યાં ગર્વ નહીં

અમે એમ કહીએ કે આ ટેપરેકર્ડ બોલે છે. બાકી 'ટેપરેકર્ડ બોલે છે', એવું આ દુનિયામાં કોઈ ના બોલે. પોતાની વાણી સારી હોય ને, તો

'કેવું સરસ હું બોલ્યો, કેવું સરસ બોલ્યો' કહ્યા કરે. જ્યારે આને 'ટેપરેકર્ડ' અમે બોલીએ છીએ. કારણ કે માલિકી વગરની વાત છે આ બધી. એટલે ગર્વ-ગારવતા કશું જ રહ્યું નહીં ને ! કશું હોય જ નહીં. ભાંજગડ જ નહીં ને ! એક ફક્ત બંધન કેટલું ? આ એકલું જ, કે આ ભાવના કંઈક પૂર્વભવે ભાવેલી હશે કે આ જે સુખ હું પામ્યો છું એ લોકો પામે. એટલા પૂરતી આ ક્રિયા છે. એ ભાવનાનું ફળ છે આ.

એટલે આ અલૌકિક કહેવાય, આ લૌકિક ના કહેવાય. અહીંયા તો અમારી વાણી, વર્તન અને વિનય, આ ત્રણ ચીજ મનોહર હોય, મનને હરણ કરે તેવું હોય. અને તે જ્યારે ત્યારે એ થવું જોઈએ, એવું થવું પડશે. એ તો જે થયા હોય તેમની પાછળ પડીએ, તો તેવું થઈ જવાય કે ના થઈ જવાય ?

**પ્રશ્નકર્તા :** થઈ જવાય.

**દાદાશ્રી :** બસ, બીજું કશું કરવાની જરૂર નથી આપણે. એમની પાછળ પડવું. અનંત અવતારની ખોટ એક અવતારમાં ભાંગવાની છે. એટલે કાળજી તો રાખવી પડશે ને ? કેટલા અવતારની ખોટ છે ? અનંત અવતારની ખોટ ! 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞાપૂર્વક ઠેઠનું કરવું હોય તે કરી લેવાય, એવો વખત ફરી ફરી ના મળે ! આત્મા જાણવા જેવો છે, પણ જણાય તેવો નથી. એ તો 'જ્ઞાની પુરુષ'ની કૃપાથી જ જણાય તેમ છે. 'જ્ઞાની પુરુષ' 'ચાહે સો કરે.' કારણ કે તે કર્તાભાવે નથી, પણ નિમિત્તભાવે છે !

### ગર્વરસ ચાખતા, મહીં પૉઈઝન પડે

**પ્રશ્નકર્તા :** આપ બોલો છો, એ વખતે આવા જે વાક્યો નીકળી આવે છે, તે વખતે અમે જ્ઞાનીની મુખમુદ્રા જ જોઈએ છીએ...

**દાદાશ્રી :** તે ઘડીએ દર્શન કરવા. 'આમ' (બે હાથ જોડીને) કરી લેવું. એ પૂર્ણ સ્થિતિ ! વાક્ય નીકળે ને, તે ઘડીએ જ્ઞાતા-દ્રષ્ટારૂપે નીકળે. નીકળ્યા પછી પાછું જરા આઘુંપાછું થાય. તે વખતે દર્શન કરવા. પૂર્ણ સ્થિતિના દર્શનથી પેલું બે આની કાચું રહે.

**પ્રશ્નકર્તા :** હવે તે દહાડે 'અલૌકિકની મહોર' જે એવો શબ્દ નીકળ્યો ને, શબ્દ બહાર આવ્યો એટલે ટેપમાંથી આવ્યો, પણ એ તરત ટેપ થઈને બહાર આવ્યો હતો ?

**દાદાશ્રી :** હા, તરત.

**પ્રશ્નકર્તા :** તાજી ટેપમાંથી બહાર આવ્યો ?

**દાદાશ્રી :** તાજી. આ શેના આધારે ટેપો નીકળે છે ? પૂછનારની ઉપરથી ટેપો અંદર ગોઠવાઈ જાય. આ કોઈ પૂછનાર આવ્યો છે, એ પૂછનાર શું પૂછવાનો છે, તેય અંદર ટેપો જાણે છે. ટેપો બધી તૈયાર છે. એકની પાછળ બીજી, બીજીની પાછળ ત્રીજી, એવી ગોઠવાયેલી જ હોય છે. આ તો વચ્ચે આપણને ખબર નથી પડતી. બાકી, કેવો સરસ ક્રમ ગોઠવાયેલો છે !

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે 'આની પાછળ અલૌકિકની મહોર છે.'

**દાદાશ્રી :** હા, અલૌકિકની મહોર. પણ એ શબ્દ સારો છે. તે ઘડીએ એ નીકળી ગયો. નહીં તો હું ક્યાંથી ખોળત ? હું ક્યાં ડાયરીઓ જોવા જાઉં આમની ? તે ઘડીએ એની મેળે નીકળ્યો ! માટે આની પાછળ કંઈક છે ને ? ગોઠવણી છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** આ ગોઠવણી નથી, સાહજિક છે.

**દાદાશ્રી :** હા. બાકી બધાય ગર્વરસ ચાખવા

માટે બોલે, 'હું બોલ્યો, કેવું સરસ બોલ્યો !' એ મહીં પૉઈઝન પડ્યું. પછી એનાથી કલ્યાણ થાય નહીં.

## જ્ઞાન જાણી જાગૃત રહીએ

**પ્રશ્નકર્તા :** દાદા, લક્ષ તો પેલી છેલ્લી દશાનું જ છે કે એ દશા પૂરી થવા માટે આ જે જે કચાશો છે, જ્યારે જાણીએ કે છેલ્લી દશા આ છે ને આવું હોવું ઘટે, તો હવે તેને માટે શું કરવું ?

**દાદાશ્રી :** એ તો જ્યારે એ વ્યવહાર બધો છૂટે ત્યારે કામ થાય તારું. એ કેવી રીતે ? આ વ્યવહાર તને વળગ્યો નથી, તું વ્યવહારને વળગ્યો છે. પછી પાછો કહે છે કે હું કરું છું. આ બધું ચોંટી પડ્યું છે. અમે તો આ ચેતવીએ કે ભઈ, આ બધી નુકસાનકર્તા વસ્તુઓ છે. તમારે જે જોઈએ છે તેમાં બાધક વસ્તુઓ છે એટલું ચેતવીએ. પછી એમને ગમતી હોય તો કર્યા કરે. એમાં મારે ના કહેવાનું ક્યાં છે ?

**પ્રશ્નકર્તા :** જ્યારે ત્યારે છૂટવું તો પડશે જ ને, એમાં છૂટકો થોડો છે ?

**દાદાશ્રી :** હા, પણ એટલે જ્ઞાન જાણવાનું પછી. 'કર્તા પોતે છે' એમ માનવાથી જગત ઊભું રહ્યું છે ને 'કર્તા કોણ છે' એ જાણે તો છૂટે. આ 'ભગવાન' કર્તા નથી ને 'લોકો'ય કર્તા નથી. કર્તા તો બીજી શક્તિ છે, જે કામ કરી રહી છે. અમે એને 'વ્યવસ્થિત શક્તિ' કહીએ છીએ.

## ડખોડખલ ના કરો, એનું નામ વ્યવસ્થિત

વ્યવસ્થિત એટલે ચંદુભાઈ જે કાર્ય કરતા હોય, તે કાર્યને આપણે જોયા કરવું એનું નામ વ્યવસ્થિત. પછી જે કંઈ કાર્ય કરે, ખરાબ, સારું, ખોટું જે કરે તે. એ તમે જોયા કરો, ડખોડખલ ના કરો, એનું નામ વ્યવસ્થિત.

**પ્રશ્નકર્તા :** તો પછી એ દ્રષ્ટાભાવમાં રહ્યા કહેવાય ને ?

**દાદાશ્રી :** તે એ જ વ્યવસ્થિત. કારણ કે વ્યવસ્થિત જ છે એ. બીજું ખોટું કરવાનું નથી. ડખોડખલ કરશો તો ઊંધું થશે અને જે ખોટું-ખરું છે જે, તે ટાંકીમાં માલ ભરેલો છે તે નીકળે. નવું ટાંકીમાં આવવાનું બંધ છે. જૂનું છે એ ડિસ્ચાર્જ થાય છે અને નવું ચાર્જ થતું નથી. એટલે જે છે ભરેલું કોઈ ડામરવાળું હોય, તો પણ ભર્યો છે તે એ માલ નીકળે છે, કંઈ નવો માલ નીકળતો નથી. એટલે તમારે શું કરવાનું કે ચંદુભાઈ જે કરે તે તમારે જોયા કરવાનું. ચંદુભાઈના મનમાંય આપણે ઘૂસવાની જરૂર નહીં. એમના મનમાં ખરાબ વિચાર આવે કે સારા વિચાર આવે તો આપણે એય જોયા કરવાના.

## આત્માની ફક્ત જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયા

**પ્રશ્નકર્તા :** જોયા કરવાનું એય કરવાનું તો ખરું ને ?

**દાદાશ્રી :** ના, એ કરવાપણું નથી. એ જ્ઞાનક્રિયા કહેવાય. એનો કર્તા ના હોય. અહંકાર ના હોય. અને બીજી બધી ક્રિયાઓ અહંકારની હોય. ભાવકર્મ એ બધાય અહંકારના !

**પ્રશ્નકર્તા :** પછી વ્યવહારમાં માત્ર જ્ઞાતા-દ્રષ્ટા તરીકે છું એવું કેવી રીતે રહેવાય ?

**દાદાશ્રી :** વ્યવહારમાં પોતે કર્તારૂપે છે અને ખરી રીતે છે તે જ્ઞાતા-દ્રષ્ટા છે. હવે વ્યવહારમાં કર્તા શાનો ? ત્યારે કહે, સંસારનો કર્તા છે અને ખરી રીતે જ્ઞાતા-દ્રષ્ટા એટલે દર્શનક્રિયા ને જ્ઞાનક્રિયાનો કર્તા. બીજી કોઈ ક્રિયા નહીં, ત્યાં સાંસારિક ક્રિયા નહીં.

'જ્ઞાનક્રિયા' એટલે શું ? પોતાના સ્વરૂપમાં

જ રહેવું ને જાણવું. દર્શનક્રિયામાં જોવું. જોવું અને જાણવું એ જ આત્માની ક્રિયા છે.

જ્ઞાન ઉપયોગ એ જ્ઞાનક્રિયા કહેવાય અને દર્શન ઉપયોગ એ દર્શનક્રિયા કહેવાય. હવે જ્ઞાન ઉપયોગ શું ? ત્યારે કહે, આ જે ક્રિયાવાળું પુદ્ગલ છે તે પોતાની ક્રિયામાં પરિણમન કરે છે, એ બધી ક્રિયાઓને જોનાર આ જ્ઞાન ઉપયોગ ! કોઈ પૌદ્ગલિક ક્રિયાનો કર્તા નથી. એ પોતાના સ્વભાવનો કર્તા છે, નહીં કે પરભાવનો કર્તા છે.

મોક્ષને માટે જ્ઞાનક્રિયાની જરૂર છે. અજ્ઞાનક્રિયા એ બંધન છે. ક્રિયા કોને કહેવાય છે ? અહંકારી ક્રિયાને અજ્ઞાનક્રિયા કહેવામાં આવે છે અને જે નિર્અહંકારી ક્રિયા એને જ્ઞાનક્રિયા કહેવામાં આવે છે. એટલે શું કે જે ચારિત્ર્ય મોહનીય કર્મ છે. અત્યારે જમવા જાય એ બધું ડિસ્ચાર્જ કર્મ. હવે એને જો જો કર્યા કરવું, એનું નામ જ્ઞાનક્રિયા કહેવાય. એ જ્ઞાનક્રિયાથી, જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ. અત્યારે તમે કરો છો ને, તે ચંદુભાઈ કરે છે એવું તમે જાણો છો, 'વ્યવસ્થિત' કર્તા છે એવું જાણો છો. તમે જોયા કરો છો એ જ્ઞાનક્રિયા છે.

### 'કેવળજ્ઞાન' માટે કંઈ કરવાનું ?

જગતના લોક કહે છે, 'કેવળજ્ઞાન' કરવાની ચીજ છે. ના, એ તો જાણવાની ચીજ છે ! કરવાની ચીજ તો કુદરત ચલાવી રહી છે. કરવું એ જ ભ્રાંતિ છે. આ શક્તિ કેટલી જાહોજલાલીથી તમારા માટે કરી રહી છે ! એ શક્તિ તો ઓળખો. આ તો 'વ્યવસ્થિત' શક્તિનું કામ છે.

આ કરો, આ કરો, તે કરવા બેઠા ! તેથી તો ભગવાન આમ કરીને બેઠા. પગે આમ પદ્માસન વાળીને, આમ કરીને બેઠા. હે ભગવાન ! આ તમે શું શીખવાડો છો ? ત્યારે કહે, એ જ કર છાનોમાનો. સહજ રીતે જ ચાલી રહ્યું છે. ડખોડખલ ના કરીશ કે નથી ચલાવવું એવુંય ના બોલીશ, ચલાવવું છે એવુંય ના બોલીશ. શું કહે છે ? ડખોડખલ કરીશ નહીં.

ડખા વગરનું જગત છે આ જ્ઞાન આપ્યા પછી. જ્ઞાન લેતા પહેલા તો ડખો જ હતો બધો. પણ જ્ઞાન લીધા પછી કંઈ પણ ડખો થયો તો આપણી વ્યવસ્થિત સમજવામાં ભૂલ થઈ રહી છે. પ્રૉબ્લેમ વસ્તુ છે નહીં જગતમાં, પણ આપણી સમજવામાં ભૂલ થઈ છે. ડખો કેમ થાય ? અને થાય છે તો હિસાબ છે બધા !

તમને બિલીફમાં તો આવી ગયું છે ને કે દાદાનું જ્ઞાન સાયન્ટિફિક છે, અક્રમ વિજ્ઞાન છે આ તો ! જ્ઞાન સાયન્ટિફિક હોવું જોઈએ. આ તો ગમે તે માણસ, ગમે તેવું ભણેલું હોય, મોટો સાયન્ટિસ્ટ હોય કે બીજો હોય, તોય પણ એને બધાને એક્સેપ્ટ થવું જ જોઈએ. અને ના કરે તો આપણે સમજીએ કે એનામાં કંઈક ગાફેલપણું છે, કંઈક ગફલત છે એમાં. સાયન્ટિસ્ટો હઉ કબૂલ કરે. વિજ્ઞાન એટલે વિજ્ઞાન, ચોખ્ખું. એની બિલીફમાં આવવું જોઈએ. બિલીફમાં આવશે એટલે અમે જાણ્યું કે આચરણમાં આવશે. એટલે આ જગત જેમ છે તેમ એક્ઝેક્ટ વ્યવસ્થિત જ છે, જે ચાલી રહ્યું છે તે જ કરેક્ટ છે. પણ કરેક્ટનેસમાં હજુ તો બુદ્ધિ બહુ કૂદાકૂદ કરે છે ને, ત્યાં સુધી વ્યવસ્થિત સમજવા ના દે.

### વ્યવસ્થિત બુદ્ધિથી નહીં, દર્શનથી સમજાય

**પ્રશ્નકર્તા :** સો ટકા વ્યવસ્થિતમાં આવીએ ત્યારે આ કર્તાપણું જાય.

**દાદાશ્રી :** વ્યવસ્થિત સો ટકા સમજાય, વ્યવસ્થિતનો ઉઘાડ થાય, વ્યવસ્થિત એક્ઝેક્ટ સમજમાં આવી જાય તો તો કેવળજ્ઞાન થાય. ત્યાં સુધી જેટલી સમજણ પડે એટલું કેવળજ્ઞાન ખુલ્લું

થાય ધીમે ધીમે. વ્યવસ્થિત બુદ્ધિથી સમજાય એવું નથી, દર્શનથી સમજાય તેવું છે.

આ જગતમાં કશું આવડતું ના હોય ને વ્યવસ્થિત છે એવું સમજાય તેને કેવળજ્ઞાન થઈ ગયું છે એમ કહેવાય. આ વ્યવસ્થિત વ્યવસ્થિત જ છે, પણ વ્યવસ્થિત સમજાવવું જોઈએ, અનુભવમાં આવવું જોઈએ. અને આ વ્યવસ્થિત સમજાઈ જાય ને પછી કશું સમજવા જેવું રહ્યું જ નહીં. વ્યવસ્થિત પૂરેપૂરું સમજી જાય તે સંપૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા રહી શકે.

**પ્રશ્નકર્તા :** 'વ્યવસ્થિત બરોબર સમજાય તો કેવળજ્ઞાન છે' એ જરાક સમજાવો વધારે.

**દાદાશ્રી :** વ્યવસ્થિતમાં આ જેટલું સમજાય ને એટલા કેવળજ્ઞાનના અંશ ખુલ્લા થઈ જાય અને પછી એ બાજુ જોવાનું જ ના હોય, જેટલું સમજાય એ સાઈડમાં જોવાનું જ ના રહે. જે જ્ઞાનમાં કંઈ જોવાનું ના રહે, એ કેવળજ્ઞાન કહેવાય. એટલે જ્યારે આખું ઊડી જાય છે ને, એ કેવળજ્ઞાન બધું કમ્પ્લીટ થઈ ગયેલું હોય એક બાજુ.

એ વ્યવસ્થિત એટલે સુધી સમજતા સમજતા જવાનું છે કે છેલ્લું વ્યવસ્થિત કેવળજ્ઞાન ઊભું કરશે ! આ વ્યવસ્થિત મારી શોધખોળ એવી સુંદર છે, આ અજાયબ શોધખોળ છે. આ વ્યવસ્થિત તો સમજાઈ ગયું છે ને, પૂરેપૂરું ?

**પ્રશ્નકર્તા :** પૂરેપૂરું તો કેવી રીતે કહેવાય ?

**દાદાશ્રી :** જેમ જેમ વ્યવસ્થિતના પર્યાયો સમજાતા જશે, જેટલા વધારે પર્યાય સમજાય એટલો વધારે લાભ થાય. આ વ્યવસ્થિતનું બધાને સમજાય ખરું, સહુ સહુના પર્યાય પ્રમાણે. પછી સંપૂર્ણ પર્યાય સમજાઈ જાય તો તે દહાડે કેવળજ્ઞાન થયેલું હોય. મારેય ચાર ડીગ્રીના પર્યાય ખૂટે. એટલે વ્યવસ્થિત સમજવા જેવી વસ્તુ છે.

જેટલી રોંગ માન્યતાઓ ખસે એટલી જાગૃતિ વધે અને એટલું જ 'વ્યવસ્થિત' સમજાય એને ! રોંગ માન્યતાઓ ખસે તેમ વ્યવસ્થિત સમજાતું જાય અને એમ પાછી જાગૃતિ વધતી જાય અને સંપૂર્ણ વ્યવસ્થિત સમજાશે ત્યારે પૂર્ણાહુતિ ! પણ વ્યવસ્થિત એકદમ સમજાય નહીં.

## પોતાનું કામ જાણ્યું ન કદી

તમે આના કર્તા છો નહીં, માન્યતામાં ભૂલ છે. જે કામ તમારું નથી, તેને કહો છો, 'મેં કર્યું.' અને તમારું કામ તે તો તમે જાણતા નથી. એટલે તમારા કેટલા કામ થાય ? એકુંય કામ થયું નહીં. જાગૃતિ વગર તમે આવ્યા હતા, અહીં જન્મ્યા તેય જાગૃતિ વગર અને ગયા ત્યારે જાગૃતિ વગર. કંઈ કર્યા વગર આટલા બધા પાપના દડિયા બાંધી ગયા ?

મનુષ્ય એકલો જ એવો છે કે જે 'હું કર્તા છું' એવું ભાન ધરાવે છે અને જ્યાં કર્તા થયો ત્યાં આશ્રિતતા તૂટી જાય છે. તેને ભગવાન કહે છે, 'ભઈ, તું કરી લે છે તો તું છૂટો ને હું છૂટો.' પછી ભગવાનને ને તમારે શું લેવાદેવા ? કર્તા પોતે છે જ નહીં, 'વ્યવસ્થિત' કર્તા છે. આ જ્ઞાન અમે ખુલ્લું કર્યું છે તેથી જ 'લિફ્ટ માર્ગ' કહીએ છીએ ! 'શુદ્ધાત્મા' એ કંઈ પરમાત્મા નથી. 'શુદ્ધાત્મા' તો પરમાત્માના યાર્ડમાં આવેલું સ્થાન છે ! 'તમને' (મહાત્માઓને) શુદ્ધાત્મપદ કેમ આપવામાં આવ્યું છે ? 'તમે' 'શુદ્ધાત્મા', અને 'ચંદુલાલ' જે કંઈ પણ કરે છે, તેના 'તમે' 'રિસ્પૉન્સિબલ' (જવાબદાર) નથી એવી ખાતરી થાય. સારું કરો તેનોય ડાઘ નથી પડતો ને ખોટું કરો તેનોય ડાઘ નથી પડતો, 'કર્તાપદ જ મારું ન્હોય' એ શુદ્ધાત્માનું લક્ષ બેઠું કહેવાય. કર્તાભાવ છૂટે તો જ શુદ્ધાત્માનું લક્ષ બેસે. 'મેં કર્યું' બોલવું

એ નિમિત્ત છે, નિમિત્તભાવ છે અને કરાવે છે એ ઉદયકર્મ કરાવે છે. આ બે જ મારાં વાક્યોની જાગૃતિ રાખીને આખી જિંદગી કાઢે તો તે મોક્ષની નજીક આવી ગયો! આટલી જ જાગૃતિ રાખે, આ વાક્યોને 'જેમ છે તેમ' રહેવા દે, એ સંપૂર્ણ 'એલર્ટ' થાય તો આત્મા જ થઈ જાય! 'શુદ્ધાત્મા' થવાનું આ જ સાધન છે ખરું ! આ ગર્વરસ જેનો ગયો, તે છૂટ્યો. આ ગર્વરસ અનંત અવતારથી શાથી ચાખે છે ? કારણ આત્મરસ ક્યારેય ચાખ્યો જ નથી.

## અકર્તાપદ, ત્યાં સંપૂર્ણ જાગૃતિ

**પ્રશ્નકર્તા :** આત્માને જાણ્યો ક્યારે કહેવાય ? કર્તાપદ છૂટી જાય ત્યારે ?

**દાદાશ્રી :** 'હું આ કરું છું' એ ભાન તૂટી જાય ત્યારે આત્મા જાણ્યો કહેવાય. આખો દિવસ ભૂલો દેખાડ દેખાડ કરે તે આત્માનુભવ. 'હું આ સંસાર ચલાવું છું' એ ભાન નથી તમને ?

**પ્રશ્નકર્તા :** એ તો એની મેળે ચાલે છે !

**દાદાશ્રી :** એ તો જ્યારે સારું થાય, કોઈ વખાણે કે 'અરે, આમણે આ કેવું સરસ કર્યું !' ત્યારે કહે, 'મેં કર્યું હતું.' અને ખોટું થાય ત્યારે કહેશે, 'આ મારા કર્મના ઉદય ફરી વળ્યા છે.' આખું જગત આવું બોલે છે. કર્તાપદ કોઈ કાળેય છૂટે નહીં. બધું છૂટશે પણ કર્તાપદ નહીં છૂટે. કર્તાપદનું ભાન તૂટે નહીં ત્યાં સુધી અહંકારી કહેવાય ને અહંકાર એટલે ભ્રાંતિ. સંપૂર્ણ ભ્રાંતિવાળાને 'ત્યાં' પેસવા ના દે. કર્તાપદનું ભાન તૂટી જવું જોઈએ કે ના તૂટી જવું જોઈએ ? શુદ્ધાત્મા બોલે ખરા, પણ તેથી કાંઈ વળે નહીં. એ તો કર્તાપદનું ભાન તૂટે ને 'કર્તા કોણ છે' એ સમજાય પછી કામ આગળ ચાલે, નહીં તો કેમ ચાલે ? જ્યાં સુધી કર્તાપદ છે, ત્યાં સુધી અધ્યાત્મની જાગૃતિ જ ગણાતી નથી. કર્તાપદ છૂટ્યા સિવાય કોઈ બાપોય પેસવા દે એમ નથી મોક્ષના દરવાજામાં !

'હું ચંદુલાલ છું' એ ભ્રાંતિ તૂટી જવી જોઈએ અને કર્તાપદ છૂટી જવું જોઈએ. પછી નાટકીય કર્તાપદ રહે. 'ડ્રામેટિક' કર્તાપદ એટલે શું ? 'મેં કર્યું' એમ કહે. જેમ ભર્તૃહરિ રાજા નાટકમાં બોલે કે 'હું રાજા છું.' પણ જોડે 'હું લક્ષ્મીચંદ છું ને ઘેર જઈને ખીચડી ખાવાની છે' એ ભૂલી ના જાય. એવી રીતે તમે 'હું શુદ્ધાત્મા છું' એમ ભૂલી ના જાવ. ને 'આ મેં કર્યું' એમ બોલો એ 'ડ્રામેટિક' કહેવાય. કર્તાપદનું ભાન તૂટી જવું જોઈએ. નહીંતર શુદ્ધાત્મા તો લોકો ગા ગા કરે જ છે ને ? શાસ્ત્રમાં તો લખ્યું જ છે ઉઘાડું, એવું એ શાસ્ત્ર ગા ગા કરે પણ એથી કંઈ એનો દહાડો વળે એમ નથી. એવું તો અનંત અવતારથી ગાયું છે.

## 'વિજ્ઞાન' જ છોડાવે ગર્વરસ

એટલે કર્તા ખરેખર નથી આપણે. કર્તા બીજી જ વસ્તુ છે. આ આપણે આરોપ કરીએ છીએ, આરોપિત ભાવ કરીએ છીએ કે 'હું કરું છું આ.' એનો ગર્વરસ ચાખવાનો મળે. એવો ગર્વરસ તો બહુ મીઠો લાગે પાછો.

હવે જેમ છે એમ જાણીએ કે ભઈ, આ કર્તા આપણે નથી ને આ તો 'વ્યવસ્થિત' કરે છે ત્યારથી આપણે છૂટા થઈએ. એવું વિજ્ઞાન હોવું જોઈએ આપણી પાસે. પછી રાગ-દ્વેષ જ ના થાય ને ! આ 'વીતરાગ વિજ્ઞાન' કોઈથી સમજાય એવું નથી. 'મને'ય આ પ્રગટ થયું તેમાં મારો કંઈ પુરુષાર્થ નથી. એ તો 'બટ નેચરલ' થયેલું છે. આ વીતરાગ વિજ્ઞાન છે ! ચોવીસ તીર્થંકરોનું વિજ્ઞાન છે ! અને વીતરાગ વિજ્ઞાન સિવાય શી રીતે વાતને પામે માણસ ?

**પ્રશ્નકર્તા :** આપની 'થીયરી' પ્રમાણે તો 'વ્યવસ્થિત' ચલાવે છે, તોય ગર્વરસ થયા જ કરે ને, એનામાં ?

**દાદાશ્રી :** ના, ગર્વ થાય જ નહીં ને ! ગર્વ તો, જ્યાં સુધી 'હું ચંદુભાઈ છું' એવું 'ડિસાઈડ' થાય ત્યાં સુધી જ ગર્વ છે. 'રોંગ બિલીફ' છે ત્યાં સુધી ગર્વ છે અને 'રોંગ બિલીફ' ગઈ એટલે ગર્વ રહેતો જ નથી.

**પ્રશ્નકર્તા :** 'રોંગ બિલીફ' તો જતી નથી ને, જલદી ?

**દાદાશ્રી :** 'રોંગ બિલીફ' જતી જ રહે ને ! અમે એ કાઢી આપીએ છીએ. બધા કેટલાય જણની 'રોંગ બિલીફ' જતી રહી છે ને ! અને તે 'રોંગ બિલીફ' એક નથી. હું આનો ભઈ થઉં, આનો મામો થઉં, આનો કાકો થઉં, એવી કેટલી બધી 'રોંગ બિલીફો' બેઠી છે !

**પ્રશ્નકર્તા :** જ્યાં સુધી સ્વરૂપનું ભાન ના કરાવો, ત્યાં સુધી એ 'રોંગ બિલીફ' જાય નહીં ને ?

**દાદાશ્રી :** ના જાય. એ ભાન આવવું જોઈએ. 'હું ચંદુભાઈ નથી, ચંદુભાઈ તો ખાલી ડ્રામેટિક છે' એવું ભાન આવવું જોઈએ.! એટલે પછી ગર્વરસ ના ચાખે.

## ગર્વરસ ચાખતા બંધ થયા એટલે માર્ક વધે

અંદર મશીનરીને ઢીલી નહીં મૂકવાની. આપણે એની ઉપર દેખરેખ રાખવાનીપોતાનું જે કાર્ય હોય એ કરવું. આ તો માથે પડેલી ભરેલી પ્રકૃતિ છે, છૂટકો નથી. ખોળી કાઢશે અવળું, ત્યાં જઈ આવશે. સ્વાદ પડે, એમાં મીઠાશ લાગે. આ મીઠાશ પાછી પ્રાકૃતિક મીઠાશ, આત્માની મીઠાશ ન્હોય. હજુ બહુ કરવાનું બાકી છે.

**પ્રશ્નકર્તા :** એનું વિગતવાર જણાવો.

**દાદાશ્રી :** આ પાંચ આજ્ઞા જ તમે બધા પાળો ને, એમાં જ છે તે ઊંડા ઊતરો. હજી પાંચ આજ્ઞા જ પૂરી પળાતી નથી ને ! હજુ તો ગલીપચીઓ થાય છે ને ? જેટલી ગલીપચી થાય તેટલું જ્ઞાન આવરાય. આ ડિસ્ચાર્જના રસો તૂટશે. જેમ જેમ તૂટશે, તેમ તેમ પેલું જ્ઞાન પ્રગટ થતું જશે.

ભગવાનને ત્યાં બીજો કોઈ ગુનો જોવામાં આવતો નથી. એમને તો 'તમે' 'જ્યાં છો ને જેવા છો' તેમ વર્તો નહીં, તેનો ગુનો છે ! 'તમે' 'પોતે' જ્ઞાતા-દ્રષ્ટા પદમાં છો, તેમાં તમે રહો ! જ્ઞાતા-દ્રષ્ટા તો શુદ્ધાત્મા જ છે. એ સિવાય બીજું કોઈ જ્ઞાતા-દ્રષ્ટા છે જ નહીં. આમાંય બધું જુએ છે. આ બધી ચીજો, આંખે દેખાય છે તે બધું શુદ્ધાત્માને લીધે દેખાય છે. બાકી બાવાને તો એવું છે જ નહીં, શક્તિ જ નહીં ને ! બાવા તો અંધા છે. (બાવો માત્ર માને છે કે હું જોઉં છું ને જાણું છું. એટલે એ રીતે એ જોનાર-જાણનાર બને છે. ખરેખર તો મૂળ આત્મા જ જોનાર-જાણનાર છે અને સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ કરનાર છે. વળી મંગળદાસ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે કરે છે. ત્યારે બાવો માને છે કે હું કરું છું. આમ કર્તા ને જ્ઞાતા બેઉ બાવો બને છે, માન્યતાના આધારે, એમ સમજવું.)

પેલી માન્યતા બરોબર ફિટ થઈ કે પછી ? બાવાથી જુદા તમે પ્યૉર છો અને હંડ્રેડ પરસેન્ટ પ્યૉર સ્વરૂપ, ભગવાન ! હવે પરસેન્ટ એ વધવાના છે ધીમે ધીમે, આજ્ઞામાં રહ્યા એટલે. અને ગર્વરસ ચાખતા બંધ થયા એટલે વધવાના. ગર્વરસ ચાખે એટલે વધે નહીં માર્ક. પેણે એ ત્યાં જ રહે, ઉલ્ટો માર ખાઈ જાય. કારણ કે ના ખાવાની ચીજ ખાધી. ઉલ્ટી કરવાની ચીજ હતી એ ખઈ ગયા !

**- જય સચ્ચિદાનંદ**

## અક્રમમાર્ગમાં પાત્રતા !

**પ્રશ્નકર્તા :** ઉપાદાનની યોગ્યતા વગર, પાત્રતા વગર નિમિત્ત ઉપકાર કરી શકે ? કરી શકે તો કેટલો ને કેવા પ્રકારે ?

**દાદાશ્રી :** ક્રમિક માર્ગમાં ઉપાદાનની યોગ્યતા વગર નિમિત્ત ઉપકાર કરી શકે નહીં. આ અક્રમજ્ઞાની ગમે તેનું કામ કરી શકે, એમને ભેગો થયો એનું નામ જ પાત્રતા. આ તો 'અક્રમ વિજ્ઞાન' છે, કલાકમાં જ મુક્તિ આપે એવું આ વિજ્ઞાન છે ! જે કરોડો અવતારે ના બને તે કલાકમાં જ બની જાય છે ! તરત ફળ આપનારું છે. ક્રમિક એટલે શું કે 'સ્ટેપ બાય સ્ટેપ.' પગથિયે પગથિયે ચઢવાનું, પરિગ્રહ છોડતાં છોડતાં ઊંચે ચઢવાનું.

**પ્રશ્નકર્તા :** જે સત્તામાં દોષો પડ્યા હોય તો તે અક્રમિક માર્ગથી સદ્ગુરુ એનો નાશ કરી શકે ?

**દાદાશ્રી :** હા, બધું ઉડાડી મેલે.

**પ્રશ્નકર્તા :** પોતાનો આત્મા એ દોષોનો નાશ ના કરી શકે, પણ સદ્ગુરુ કરી શકે ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષ' બધું જ કરી શકે. 'જ્ઞાની પુરુષ' શું ના કરે? બધું જ કરી શકે, કારણ કે એ કર્તા નથી. જે કર્તા હોય તેનાથી કશું થાય નહીં. અને 'જ્ઞાની પુરુષ' તો કર્તા જ નથી, ખાલી નિમિત્ત જ છે.

**પ્રશ્નકર્તા :** પોતાનો આત્મા એ ના કરી શકે ?

**દાદાશ્રી :** પોતાનો આત્મા જો કરતો હોત તો અત્યાર સુધી રઝળપાટ હોત જ નહીંને ? નિમિત્ત વગર કોઈ દહાડો ઠેકાણું પડે નહીં. પોતાનો આત્મા કશું કરી શકે નહીં. જે બંધાયેલો છે તે સ્વયં શી રીતે છૂટી શકે ?

**પ્રશ્નકર્તા :** આટલા બધા જ્ઞાનીઓ પૂર્વે થઈ ગયા તો કોઈએ આવો અક્રમિક માર્ગ બતાવ્યો હતો ?

**દાદાશ્રી :** હા, બતાવ્યું હતું. ઋષભદેવ ભગવાને બતાવેલું છે. ઋષભદેવ ભગવાને અક્રમ માર્ગ બતાવી ભરત રાજાને સંસારમાં તેરસો રાણીઓ સાથે મોક્ષ આપ્યો હતો, બીજા ૯૯ છોકરાઓને 'ક્રમિક માર્ગ' આપ્યો હતો.

**પ્રશ્નકર્તા :** એ તો ભરત રાજાની પાત્રતા હશે. અમારી એવી યોગ્યતા ક્યાંથી હોય ?

**દાદાશ્રી :** આ 'અક્રમ વિજ્ઞાન'માં યોગ્યતા જોવાની જ નથી હોતી. મને ભેગો થવો જોઈએ. અને એ કહે કે મારું કલ્યાણ કરો, એટલે બહુ થઈ ગયું.

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### વડોદરા

**૨૮-૨૯ નવેમ્બર** (શુક્ર-શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

**૩૦ નવેમ્બર** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** જય અંબે ક્રિકેટ ગ્રાઉન્ડ, વાઘોડિયા રોડ, વડોદરા. **સંપર્ક :** ૯૦૯૦૫૧૫૧૪૯

### અમદાવાદ

**૧૨-૧૩ ડિસેમ્બર** (શુક્ર-શનિ) રાત્રે ૮ થી ૧૧ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

**૧૪ ડિસેમ્બર** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૧૫ ડિસેમ્બર** (સોમ) રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** મ્યુનિસિપલ કોર્પોરેશન ગ્રાઉન્ડ, ડી માર્ટની સામે, નિકોલ, અમદાવાદ. **સંપર્ક :** ૯૮૨૪૬૮૮૩૯૯

### અડાલજ

**૨૦ થી ૨૭ ડિસેમ્બર - પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** (આપ્તવાણી ૧૪ ભાગ - ૪)

**સમય :** સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦ થી ૭

**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૪ પેજ નં. ૩૦૪થી વાંચન, વસ્તુ સ્વરૂપ ત્રિકાળી આત્મા...** હેડિંગથી.

**૨૮ ડિસેમ્બર - શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**૨ જાન્યુઆરી - પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**3 જાન્યુઆરી** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૪ જાન્યુઆરી** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**સૂચના :** પારાયણમાં ભાગ લેવા માટે **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ सुबह 7 से 7-30 (कन्नड़ा में)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335

**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : નવરાત્રિ મહોત્સવ : ૨૨ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર ૨૦૨૫




## છત્રપતિ સંભાજીનગર : અપરિણીત ભાઈઓની શિબિર : ૧ થી ૫ ઓક્ટોબર ૨૦૨૫




## છત્રપતિ સંભાજીનગર : અપરિણીત બહેનોની શિબિર : ૭ થી ૧૧ ઓક્ટોબર ૨૦૨૫



નવેમ્બર ૨૦૨૫
વર્ષ-૩૧, અંક-૩
સળંગ અંક-૩૬૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## વિશ્વ પઝલનું એકમેવ સોલ્યુશન

ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ. ધેર આર ટુ વ્યુપોઈન્ટ્સ ટુ સોલ્વ ધીસ પઝલ; વન રીલેટિવ વ્યુપોઈન્ટ એન્ડ વન રીયલ વ્યુપોઈન્ટ. બાય રીલેટિવ વ્યુપોઈન્ટ યુ આર ચંદુલાલ એન્ડ બાય રીયલ વ્યુપોઈન્ટ તમે 'શુદ્ધાત્મા' છો. આ બે વ્યુપોઈન્ટથી જગતને જોશો તો બધાં જ પઝલ સોલ્વ થઈ જશે. આ જ દિવ્ય ચક્ષુ છે. પણ જ્યાં સુધી 'જ્ઞાની પુરુષ' તમારાં અનંત કાળનાં પાપોને ભસ્મીભૂત ના કરી આપે, તમને સ્વરૂપનું ભાન ના કરાવી આપે, ત્યાં સુધી કંઈ વળે નહીં. પ્રત્યક્ષ પ્રગટ પુરુષ વગર કામ ના નીકળે!

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એસ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.